શ્રી સંગીત સત્યનારાયણ સુદામા તથા ગોકર્ણાખ્યાન

રચી.

પ્રસીદ્ધ કરનાર.

ઠક્કર અરજણ હરી.

કચ્છ ગેડીના મેહેતાજી.

અમદાવાદ.

ધી "એડવર્ડ" પ્રીન્ટીંગ પ્રેસ. ઠે. મુંબાઈ બેંકમાં

સંવત ૧૯૫૯ સને ૧૯૦૩

કીંમત રૂ ૦ ૮–૦ કચ્છી કોરી ૨॥

શ્રી ૧ા

શુદ્ધાંત કરણુવંતા સધ્ધર્મી ધર્મભગીની ચાંદાબા શ્રી ૭ ને પ્રભુ દીર્ઘાયુષ આપો.

દોહરો.

દધિ સુતા રવી વંશમાં, પ્રગટયાં સુજ્ઞ સુજાણુ.
ધર્મ સુપાલક ઇન્દુબા, પ્રવીણુ પદ નીરવાણુ ૧

ગીતી.

સધ્ધર્મી શુભ કાર્યે યત્ન હમેંશાં ઇન્દુબા ભારી
પૂણ્યપૂત ઉરવાસો રદયાગારે શુભ વૃત્તિ સુખકારી-૧
રંકજનોપર રાખો રેમ નીરંતર રેણી બહુ સારી
કરણી માંહે કુશલતા પામ્યાં પામો આશીશ એ મારી-૨
તત્ત્વ પીછાણ્યું પ્રીતે રાગ દ્વેષ ચીત લેશ નહીં ખામી
પૂરણુબ્રહ્મ પીછાણ્યો સત્ ચિત્ નંદ ધન અંતરના જામી-૩
સદા દિત સત્સંગે સુમન કૃષ્ણુમાં સહ પ્રેમે જોડી
અક્ષય સુખ મળવાને ભેદ ભરમના ભ્રાંતીને ત્રોડી-૪
ધર્માભી રૂચી ભારી નિશ્ચય અચલીત આપતણો નીરખી
ધર્મ ભગીની ભાવે આખ્યાનો હું અરપું ઉર હરખી-૫
અખંડ યશ શ્રી આપો ગોવીંદ ગૌરખ ગરૂડા રૂઢ ખાસા
ઉદારતા ઉર અહ્નીશ આપો કાપો ભવ બંધન પાસા-૬

લિ. સુભેચ્છક ધર્મ બન્ધુ ઠક્કર અરજણુ હરિ
ગેડી મહેતાજી.

શ્રી કૃષ્ણ પરમાત્માને નમઃ

સંગીત સત્ય નારાયણ કથા.

મંગલાચરણ, ઇશ્વર સ્તુતી, મંગલકર ભવ ભય હર—એ રાહ.

હે હરી ત્રિવિધ તાપ શરણુમાં ધરો.
દંભદર્પ, દર્દ દેવ દર્શ દઇદરો—હે.

પ્રભુ પ્રલ્હાદ કાજ નૃસિંહરૂપ ધારીયું, હેમચક્ષ મારી દાસ દુઃખ નીવારીયું;
દ્રુપદીની લાજ રાખી સંકટ ટાળીયું પ્યારી, સારી, ન્યારી, દુઃખહારી,
સુખકારી ભવ તારી, ઉર ભક્તિ પાથરો—હે.

ગૂડને વીદારી નાથ નાગ તારીયો યવન ખસકિરાત અજામેલ ઓધારીયો
મહા અઘોર પાપી તાર્યા નરને નારીયો ભારી, તારી, વારી, અધજારો
ઉરધારો જનપ્યારો બનાવી ઉર ફરો—હે,

કૃષ્ણ, ગોવીંદ, રામ નામ અધિક શું કહું શનક શેષ શારદા ન પાર શું લહું
સત્ય નારાયણ દેવ શકિત અનંત ચિત ચહું કામી, વામી, સ્વામી, બહુ
નામી સુખ ધામી, નિષ્કામી હે અજાને આશરો—હે.

વ્યાસ બોલતા હવા.

લાવણી.

શુભ અવધ પૂરી જે મંગલ સુખની દાતા
જ્યાં રામ પ્રભુ પ્રગટયા જગના પિતુ માતા
તે દેશ સમીપે નિમિષ અરણ્ય બહુ સારૂં
જ્યાં શૌનક આદિ પ્રશ્ન કરે અતી પ્યારૂં
સુતજીને પુછે કો તપ વ્રત સુખકારી
દે મનવાંછીત ફલ નિશ્ચય ભવ ભય હારી.

ગીતી.

રમા પતિ શ્રીકૃષ્ણે નારદને જે વૃત્ત કહ્યું ભાવે
જે વૃત્ત વિધિ સમજાવું સુણતાં કદીએ જનમ મરણ નાવે.

વૈકુંઠમાં ગયા પેલાં નારદ મુંની મનુષ્ય લોકમાં આવતાં મનુષ્યનાં દુઃખ જોઇ

આશાગોડી.

મહીપર નીરખે આવી નારદ મુની મહીપર નીરખે આવી
કોઇને ધનની કોઇને તનની ઇચ્છા રહી અથડાવી–નારદ
કરમ થકી બહુ દુઃખને પામે દિલમાં રેમજ લાવી–નારદ
સંત સરલ ચિત્ત શાન્ત સનેહી પર ઉપકાર પ્રભાવી–નારદ
યોની જનન દુઃખ શું ઉપચારે જાય વિચાર ચલાવી–નારદ
સરવ ભૂવનમાં ફરી ફરીને વૈકુંઠ લોક વધાવી–નારદ.

નારદ મુની સ્તુતી કરે છે.

મારા સમ એ રાહ.

શુકલ વરણ ચાર ભુજા રાજે છબી નીરખી કોટી કંદર્પ લાજે–શુકલ.
કંઠે સુંદર વનમાલા સારી શંખ, ચક્ર, ગદા પદ્મ ધારી
શોભા જોઇ જાઉં બલિહારી–શુકલ.
નારદ મુની વદે ધરી પ્રીતી ગુણાતીત ભંજન ભવ ભીતી
અનંત શકિત કોન શકે જીતી–શુકલ.
આદિ, મધ્ય, અંતર હિત વાલા ભગતોના પૂરણ પ્રીતે પાંલા
સગુણ થઇને મોચ્યોછો જંજાલા–શુકલ.

શ્રી કૃષ્ણ પ્રભુ નારદની વિનંતી શુણીને કહે છે.

આશા.

અજર અમર પ્રભુ ભવ દુઃખ હરતા નારદ વિનંતી ઉરમાં ધારી
શો હેતુ છે ચિત્ત તમારે ખુશી થયો છું કોને ઉચારી–અજર.
હેત થકી તે કોને મુજને કથન તમારૂ હશે ગુણકારી–અજર.
માગો માગો જનથી અંતર રાખું નહીં હું કહું છું વિચારી–અજર
નારદ કહે છે.

ધનાશ્રી.

અજર અમર અવિકાર ગહન ગતી અજર અમર અવિકાર
પ્રીતી તમારી દેખી વધારે અરજ આ મારી નિરધાર–ગહન,
મનુસ્ય લોકે માણુસ સરવે કરમે સે પીડ અપાર–ગહન
જનમ મરણના દુઃખડાં નાશે નાશે પાપ અંધાર–ગહન
શાન્તી પામે વૃત્ત કો એવું પાપ પ્રલય કરનાર–ગહન.
શોકાતુર છું જન દુઃખ દેખી ભૂવનના ભરથાર–ગહન.
કૃપા જો હોય નાથ તમારી માગું એ સુખ ભંડાર–ગહન.
પ્રભુ કહેછે,

સોરઠ

વૃત્ત કીધાથી દુઃખજાય મૂકાય પાપથીરે
વૃત કહુંતેરૂડી રીતે આદરશે જે પૂરણ પ્રીતે
ત્રીધા તાપ ટળી જન સુખીઆં જાપથીરે–વૃત.
આ લોકે પરલોકે પામે પુન્ય અતીશે તેનાં જામે
શ્રેય લોકનું થાય છુટે પરિતાપથીરે–વૃત.

ત્રિતાલી ચોપાઇ.

સત્ય નારાયણ વૃત સારૂં વીધીએ કરતાં સુખને દેનારૂ
દેહાંતે પદ મુકિતનું આપે દુઃખડાં દેવ દયાળુ કાપે.
નારદ પુછે છે.

ગીતી.

કૃપા કરીને મુજપર વૃત કહયું પ્રભુ બહુ આનંદકારી
વૃતં કર્યાથી શું ફલ વિધાન વળી કહો પ્રીતે વિસ્તારી
પુર્વે કોણે કરીયું મંગલ દાતા વ્રતકો બહું સારૂ
ફેર જરા નવ રાખી ખરે ખરૂં જે ભવનિધિ નિસ્તારૂ.

પ્રભુ કહે છે.

દક્ષિણુ દાદરો.

સત્ય દેવનુ સુખદ વ્રત સારૂં રે
કાઢી દુઃખ આપી સુખ, ભાંગી ભૂખ, દળીઅસુખ
ધનાદિ આપનારૂં રે—સત્ય.
ત્રિયોને તુર્તથી સૌભાગ્ય સંતતીનું રે
સુખ આપે, સ્થિર સ્થાપે, ભ્રમ કાપે, ફલ અમાપે
નર વિજય દેનારૂં રે—સત્ય.

ગિતી.

ગમે તે અહ્નને કરવું પુર્ણુ શ્રદ્ધાને ઉરમાંહે ધારી
સગાં મિત્ર જન સાથે હૈડા માંય હરશ ધરી ભારી
કરી અપવાસજ પ્રીતે વ્રત આદરવું રવી અસ્ત થાતાં
મહીસુર કરથી પુજન પુર્ણુ પ્રમોદે કરવું હરખાતાં

લાવી લાવી લાવી—એ રાહ.

આવી આવી આવી પુજનમાં નૈવેદની વિધિ આવી
ખાંડ, ઘી, કેળાં લોટજ ઘઉંનો શીરો સુધારી બનાવી—પુજન.
અંતર જામી વીભુ વીશરામી અરપો હોંશજ લાવી—પુજન
ઘઉં નહીં મળતાં અક્ષત લેવા ખાંડનોય ગોળથી ચલાવી—પુજન
પાંચ ચતુરથાંશ સરવે લેવું હરશ હૈયામાં પથરાવી—પુજન.

દક્ષિણા સાખી.

ગજા પ્રમાણે પૂજન અંતે વિપ્રોને દક્ષિણા દેવી
સ્નેહી સાથે કથા સાંભળવી સત્યનારાયણ સેવી
દુઃખ દેવ દળે ભારી દે ભવનિધિથી તારી

ગઝલ.

સગાં સનેહી સાથ કથા સાંભળી પછી
પ્રસાદ વિપ્ર સાથ લઇ અતી આનંદથી–સગાં.
સત્ય દેવ પાસ શ્રેષ્ટ ભકિત ભાવથી
ગાઓ નૃત્ય આદરો મળાય માવથી–સગાં.
સરિત તીર દેવ સુથાન મોદ ઉર ધરી
વ્રત કરી જવું આગાર ચિત્ત ધરી હરી–સગાં.

પીલુ.

વ્રત આ રીતે ભાવથી કરશે સંસ્તી કલેશો સરવે ટળશે–વ્રત.
કલિયુગ માંહી પીડ જવાનો સેલ ઉપાય સુખ સૌ મળશે–વ્રત.
દીન તવંગર શકિત પ્રમાણે કરતાં ભવનિધિ પાર ઉતરશે–વ્રત.
મન વાંછીત ફલ લધુ ઇલાજે મળતાં મહા અધ આશુ બળશે–વ્રત.
વ્રત આ સુખદા સંચય કરજો સત્ય નારાયણુ સાયજ કરશે–વ્રત.

પ્રથમો અધ્યાય સમ્પુર્ણ.

શાન્તી

બોલો સત્ય નારાયણ દેવની જય.

શ્રી ૧.

બનજારો.

એક વાત બીજી સુખકારી વતની સુણતાં દુઃખજારી
શુચી શંકર પુરીએ રેતો અતી દીન બ્રહ્મ દુઃખસેતો
સહે ભુખ તરસ દુઃખ ભારી—એક
બહુ ભીખજ માગે ભટકી રહી ચીંતા તાવે લટકી
ઘરઘરની ખમતો ખ્વારી—એક
ભીક્ષા વૃતી કરતાં તે નીચે મુજબ બોલતો

જનુની જીવો ગોપીચંદની એ રાગ.

ભુખ તણું દુઃખ આકરૂં વળી છે ઘડપણ મારજી યૌવનમાંહું
નવ ચેતીયો પામું પીડા અપારજી દીન દયાલુ દયા લાવશો.
જોબન કેરા જોરમાં ભુલી જગ કરતારજી માયા કેરા ફંદમાં
ખોયું ધન નિરધારજી—દીન
સગાં સનેહી સાગવાં સરવે સંસાર સારજી હાંજી કરે ધન હોયતો
સ્વારથનાં સરદારજી—દીન
ભાઇઓ ચિત્તમાં ચેતજો ખોટો આ સંસારજી સગું નથી કોઇકોઇનું
સેવો સરજન હારજી—દીન
કૃપા કરો દેવ દેવના વિનંતી માની મોરારજી મુકત કરો દુઃખથી મને
મારે આપ ઓધારજી—દીન
વિનંતી સુણીને

ગિતી.

પરમાત્મા પ્રભુ પોતે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઇ વાર
બ્રાહ્મણને જઇ પુછે વસુધામાં તું ફરે છે શા સાર

અતી દુઃખી હે બ્રાહ્મણ જે કંઇ દુઃખ હોય તે તું કે મુજને
છે સાંભળવા મરજી કે કહું સોંઝો ઉપાય હું તુજને

બ્રાહ્મણ કહે છે.

આશા ગોડી.

વાત સુણોને મારી માહારાજા વાત સુણોને મારી
દીન દરિદ્રી હું બહુ દુઃખીઓ ભુખ દુઃખથી ગયો હારી–માહારાજા
વર્ણન કરતાં પાર ન આવે મમ જીંદગી દુઃખીઆરી–માહારાજા
પીસો પાસે ખાવા ન મળે (આથી) મરણ કહું શુભ ધારી–માહારાજા
દુઃખમાં રાખો ભાગ દીસોછો ઉપાય કહો સુખકારી–માહારાજા

પ્રભુ કહે છે.

ગિતી.

સત્યનારાયણ વૃતને કરતું આપે તન ધન દુઃખ વણસે
કુલીએ સુખ હેનારૂં અંતે નિશ્ચય મોક્ષ પથે પળશે

બીભાસ.

વૃતનું વીધાન કહી થયા અંતર ધ્યાન
વૃદ્ધ રૂપ જગ ભુપ બ્રહ્મ અમાન
બ્રહ્મપર કૃપા કરી કહી સુખશાન–વૃતનું.

વૃતની વિધિ વીગેરે સાંભળી બ્રાહ્મણ બહુ ખુશી થયો અને ક્યારે રાત્રી વ્યતીત થાય કે વૃત આદરૂં આવો સંકલ્પ કર્યો.

ખુશી થયો ભારી સુણી વૃત કેર વરણું
દીલ અતી હોંશધારી સેવી સુખ કરણું
તાપનો અંત આણું તારણ તરણું ખુશી.
નીંદ સારી રૈન નાઠી વ્રત ઉર ધરણું
વ્રત હું કરીશ આજે સંકલપ કરણું ખુશી.

સ્નાન સંધ્યા વીગેરે કરી ભીક્ષા વૃતી કરવા ગયો.

ગિતી.

રોજ થકી તે પામ્યો બહુ ધન બ્રાહ્મણ હરશ થયો ભારી
વ્રત કર્યું તે સાંઝે ઘરે સગાંની સાથ આનંદ ધારી.

પીલુ.

વ્રતથી મળીયું સુખ અતીભારી સંકટ નાંખ્યાં સરવે ટારી
પુરણ ભકતિથી પુજન કરીયું સંપતી પામ્યો તેતો અપારી   વ્રત
દળદર ગયું થયો પુણ્ પ્રભાવી વૃત પુજનનો મહીમા ભારી   વ્રત
કલિયુગમાં ફલ તુર્ત દેનારૂ આ સમ કો નહીં કહું છું વિચારી વ્રત

ત્રિતાળી ચોપાઈ.

વૃત કરવાથી થયો સુખીઆરો મટીયો ત્રિવિધ તાપનો મારો
માસ પરવીએ કરતો સંભાળી સત્યનારાયણ વૃત સુખકારી
પુણ્યશાળી બની જશ પામ્યો સરવે પાપનો પાસ વિરામ્યો
અંતે મુકિત પદે તે ભળીયો દુસ્કર ભવનિધિ પાર ઉતરીયો

ગિતી.

સત્ય દેવનું પુજન પૃથ્વીપર જે પ્રેમ થકી કરશે
દુઃખડાં સરવે ટળશે અંતે નિશ્ચય વૈકુંઠમાં ઠરશે.

ગિતી.

શૌનક આદી રૂપીએ સુતજી પાસે શ્રવણ કર્યું ભાવે
પ્રભુએ કહ્યું નારદને વ્રત ભય ભંજન જનમ મરણ જાવે
શું સુણવા છે ઇચ્છા કહો તમારી શૌનક સુખદાઇ
પ્રશ્ન કરી કે કોણે બ્રાહ્મણ મુખથી શુણી કહો ગાઇ
સત્યનારાયણ વૃતતું બ્યાન સાંભળવા ઉત્કંઠા ભારી
કહો પીડ હરનારૂં સદગુણ સદન અમને વિસ્તારી.

લાવણી.

કે સુતજી સુણજો મુનીઓ લાવી પ્રીતી
વ્રત કોણે કરાયું કૌં જગમાં હરભીતી
એક અહુન વિષે હર પુરીનો બ્રાહ્મણ ભાવે
રહી સગાં મિત્રની સાથ કરે નીર હાવે
વ્રત આરંભ કરીયો બ્રહ્મ ધરી અતી નીતી
ત્યાં ગયો કઠીઆરો ઉરમાં પુર્ણ પ્રતીતી
ભારો મુકીને બાર ક્ષુધા તૃષ સેતો
ચિત્ત સ્થિર કરી પ્રભુ વ્રત વીધી નીરખી લેતો
બ્રાહ્મણને નમીને કેતે આ દર સાથે
શું કર્યું કો શું ફલ કૃપા કરી મુજ માથે

ઠુમરી.

સત્યનારાયણ વ્રત અતી સુખકારીરે દુઃખહારી ફલ આપે ભારી સત્ય.
સત્ય પ્રસાદે પુરણ પામ્યો સુખસંપતીને જશ જગ હીતકારીરે દુઃખ સ.
જે દીનથી મેં વ્રત આરંભ્યું દુઃખદાળીદર અરી સૌ ગયા હારીરે દુઃખ સ.

ધનાશ્રી.

સમરી સુખદા શામ પછી તે પ્રેમે સમરી સુખદા શામ
ખાધી પ્રસાદી પ્રીત ધરીને કરીને બ્રહ્મને પ્રણામ પછી તે
પાન કરી જલ ભાવ કરીને ગાતો ગોવિંદ ગુણ ગ્રામ પછી તે
ભારો વેચી ઘેર ગયો કઠીઆરો કરે વિચારો આમ પછી તે
બીજે દિવસે સંકલ્પ કરીયો આનંદ આપે વિશરામ પછી તે
ભારો વેચતાં વિત મળશે પ્રભુજી વ્રત કરીશ પુરી હામ પછી તે

ગીતી.

વ્રત નિયમ લઇ ભારો ગયો વેચવા શેહેરે બહુ હરખી
લીધો ધનપતિએ પામ્યો બમણી કિંમત રાજી થયો નીરખી

પીલુ.

ધન અધીક કઠીયારો પામ્યો આનંદ ઉરમાં અતીશે જામ્યો
ખાંડ, ઘી, કેળાં લોટ સવાયાં વાના લઇ ઘેર આવી વિરામ્યો ધન

માઢ.

સગાં સનેહીસાથ બ્રહ્મ બોલાવી પ્રીતથી
વ્રત હોંશ ધારીને કરીયું સુ રીતથી સગાં
દ્રવ્ય, પુત્ર ચેન તે અખંડ પામીયો
કઠીઆરો સુખ ભોગવીને વૈકુંઠે ગયો સગાં
ભવ નિધિમાં કલીએ વૃત આના વસાર છે
જય બોલો સત્ય દેવની ખરો આધાર છે. સગાં

અધ્યાય ૨ જો સંપુર્ણ

ઓંમ શાન્તી શ્રી રામ કૃષ્ણ પરમાત્માની જય.

શ્રી ૧।

ઓંમ

ગિતી.

સત્યનારાયણ વૃતની કથા સુણો અતી પ્રેમ ઉરેધારી
ભવનિધિ પાર ઉતારે આપે પુરણ સુખ દુઃખ દળનારી

જઝૂાવો સીતમકો-એ રાહ.

નિર્મળ ન્યાયી ધીર નીતી ભંડાર જીતેંદ્રીય સત્યપર પુરણ પ્યાર
ગૌબ્રહ્મ રૈયત પાલનહાર દેવ દયાલુનો પામી દેદાર

તોષી મહીસુરો રાજી થતો ઉલ્કા મુખરાય જે એવો હતો
કીરતી દશેદીશ છાઇ રહી કમલવદની નાર પ્રમુગ્ધા સહી
સતી મહા સુંદર શાન્ત સ્વભાવ પતિ વ્રતે પુરી રહી નીરદાવ
સુશીલ દંપતી એક સમયે પ્રીતે ભદ્રશીલા તીરે સંગાથે રીતે
કરે વૃત ત્યાં એ ખરાં ભાવીયો તે માર્ગથી જતો એક વણિક આવીયો

આશા ગોડી.

સાધુ વણિક એવું નામ હતું તેનું સાધુ વણિક એવું નામ
મોતી આદિ બહુ ધન સાથે વૃત્તી અરથે બહુ ચાય હતું.
રાજા રાણી નાવેથી નીરખી પાસે કર્યો જઈ પ્રણામ હતું
વિનય થકી તેણે પ્રશ્નજ કરીયું શું આ કરોછો ગુણ ગ્રામ હતું.
ખુલ્લા મનથી કોને મુજને પુરી કરો મમ હામ હતું.
શું વૃત ફલ વિધિ કહો સમજાવી આપો મુજને આરામ હતું.

ગિતી.

વિનય ભરેલાં વચનો સુણી વણિકનાં કે નૃપ ગુણ ગ્રામી
સગાં મિત્રની સાથે સત્ય દેવ જે જગત્ તણા સ્વામી
તેનું વૃત પુજનમેં કરીયું વિત સુત સુખને દેનારૂં
કષ્ટ હરણ કરનારૂં જગમાં કો નહીં આ સમ અન્ય ધારૂ

કલ્યાણ હાડાજી શું એ રાહ

વિનય થકી હું વિનંતી કરૂં છું વૃતનું વિધાન કહો પ્યારૂં રે—વિનય
સંતતી વિણ બહુ હું છું દુઃખીઓ પુજી પ્રભુ ભયને વિદારૂં રે—વિનય

ગિતી.

વિધિ નૈવેદ્યની રીતી કહી સમજાવી વણિકને રાયે
સુણીને આનંદ પામ્યો ભલું થજો કહી પ્રીતે ગુણ ગાયે

નારાચ છંદ સોરઠની ગઝલ, ભેરવી ગઝલ.

વિધાન વાત સુણીને તે હર્ષ ઉર પામીયો
વૃત્તીને અરથ નવ જતાં ઘરે આવી વિરામીઓ
પછી તે વાત વાલ લાવી નીજ નારને કહી
કરીશું વૃત બાંધી કલ્પ સુખ સંતતી લહી
લીલાવતી ખુશી થઇ ભજે તે સત્ય દેવને
તે ગર્ભવંતી થઇ ખરે જો ધાર્યો વૃત ભેવને.

ગિતી.

તેને થઇ દશ માસે રત્ન સદશ એક કન્યા બહુસારી
સુદ પખચંદ સમ વધતી ધર્યું કલાવંતી નામ હરશ ધારી
સુખદા વચનો બોલી કહે કંથને કાં વૃત નથી કરતા
સત્ય તણું માનેલું સંતત જે વૃત દુઃખ તણુ હરતા

કામણ દીસે છે. એ રાહ.

મીઠાં વચનો બોલી જાણી તારી વાતનેરે
ધંધા અરથે મારે જાવું ગામ બીજે ત્યાંથી જઇ આવું
ધરપ્યારી નીરાંત ત્યાગી ભ્રાંતનેરે મીઠાં
લગન વખત વ્રત કરીશું પ્રીતે પુજન વિધિ પુર્વક શુભ રીતે
છોડીદે ઉચાટ ગ્રહી સુખ શાતનેરે મીઠાં

ગીતી.

ગામ ગયો વૃત્તી અરથે ઘેર કલાવંતી પુર વયે આવી
સાધુ વણિક ઘેર આવી વિચાર વીવા કરવાનો લાવી
સાધુ પોતાની પુત્રીને નીચે મુજબ ગરબી ગાતાં જોઇ પછી.

મને મુકી ગયો છે મારો છેલડોરેતાલ દાદરો.
આવો સખીઓ ગાઇએ આજ પ્રીતથીરે
બોધ બાળ કહું શુભ રીતથીરે આવો
પરઘેર ભજી સમ અશુભ ત્યાગીએરે
નીતીસદગુણ ધરમ માંહે લાગી એરેવોં આવો
સત્ય, શીયલ, ભૂષણ ભાવ થકી પેરવરે
કરમ ખોટાં થકી મન ફેરવાંરેઆા
સ્વીય પતિ વિના પુરૂષ અન્યન પેખીએરે
તેને બાંધવ પીતા સમ લેખીએરે આવો
નિત્ત નામ નારાયણ નું આદરોરે
સત્ય ધરમ અતી હરખથી રદે ધરોરે આવો
ગમે તેવા તોચ પતિને પ્રમાણી એરે
તેને પ્રભુ સમાન કરી જાણીએરે આવો
સેવી પતી પામી માન સતીઓ ભાવથીરે
સુખ અખંડે ભળી પતિ સેવન પ્રભાવથીરે. આવો.

હરીગીત છંદ, સોરઠની ગઝલ. ભેરવી ગઝલ.

વિચાર સાધુ લાવીને કેમ મુની મને અતી ભાવથી
વર શોધવાને જાઓ થઇ કોં લગ્ન લાયક લાવથી
પછી શોધવાને ચાલીઓ તે આવીઓ કાંચનપરી
બહુ રૂપ ગુણ ભંડાર વય સમ વણિક તે લાવ્યો ફરી.
સગાં સંબંધી મિત્રને બોલાવીને બહુ પ્રીતથી,
અતી ધામધુમે લગ્ન કીધાં પૂત્રીનાં શુભ રીતથી;
કમભાગ્ય સાધુ વાણીઓ વૃત વારતા ભુલી ગયો.
તેથી પ્રભુ બહુ કોપીઆ જેથી તે અતી દુખીઓ થયો.

ગીતી.

કર્મ દુરાવે સાધુ સત્ય પુજ નગ્યો કરવું તે ભુલી
પ્રભુ અતીશે કોપ્યા તેથી તે ગયો દુખ નિધિમાં ડુલી

સાધુ વણીકનો જમાઇ પોતાના સસરા સાથે વેપાર અર્થે જતાં પોતાની પત્ની પાસે રજા લેવા ગયો.

પ્યારી રજા દીયો ઉર રાખીને ઉજાશમાંરે.

પ્યારા ધનછે ઘેર અપારા ખાઓ પીઓ થાઓ નહીં ન્યારા
મારી આંખના તારા રો મુજ પાસમાંરે. પ્યારી.
જાવાની નહીં વાતજ કરશો દીન દાસીપર રેમજ ધરશો
નહીં રેવાય તમવિણુ મુજથી આ વાસમાંરે. પ્યારી.
ઘરમાં બેઠાં બેઠાં ખાવું આવેછે મુજને શરમાવું
પ્રયાશમાં જાવુંરે નામ નિવાસમાંરે. પ્યારી.
ધંધા અરથે જાવું મારે ધર્મ આપણો કાંન વિચારે
છે પિતુ તુજ મુજ હારે શુંરે ઉદાશમાંરે. પ્યારી.
પ્રભુનુ પ્રીતે સમરણુ કરવું શીલ તોષ સત્ય ઉરમાં ધરવું
ભવ નિધિમાંથી તરવુ ન પડે પાસમાંરે. પ્યારી.
વ્હેલો આવીશ કોધું ધારી મોજ મજા ભોગવશું પ્યારી
મારા સમ ચીંતા તજી રેજે હુલ્લાશમાંરે. પ્યારી.

ગીતી.

વાત કહુ વિસ્તારી બહુ દીન જાતાં વ્રત્તી અરથે પળીયા
સીંધુ ઉદધિ પાસે રત્નસાગરે ધન તે બહુ રળીયા;
ચંદ્ર કેતુ નૃપ નગરે ધંધો કરતા બન્ને જણુ આવ્યા,
તે થળમાં બહુ ધંધો ખેડી ત્યાં તે ખુબ ખરે ફાવ્યા
વ્રત કરવુ ભુલી ગયો જેથી પ્રભૂ કોપાયમાન થયા.

ધન્યાશ્રી.

કે કોપી કરતાર અતીશય કે કોપી કીરતાર
આ નગરમાં બહુ દુઃખ પામો થાઓ બંધન નિરધાર. અતી.
તુચ્છકાર પુરણુ થાઓ કહુંછું જુઠાના સરદાર. અતી.

ગાતી.

જમાઇ સાથે રે'તો જે સ્થલ સાધુ ત્યાં ચોરો નાંખી
ઇન્દુ ધ્વજ નૃપતીનું દ્રવ્ય તજી પ્રભુ ગુન્હો નહીં સાંખી

માઢ.

દેખો દેવના કોપથી તે પીડ પામીયા. ટેક.
ચંદ્રકેતુ રાયના ખજાનેથી અપાર
ચોરો ધન લઇ ગયા તે સાંભળો નિરધારરે. તે.
રેતા તાજે થલ વિષે ત્યાં ભર નીંદે ભરપુર,
લેવાય તેટલું લઇ ગયા ને બાકી મુકી જરૂરરે, તે.
પગેરૂ લઇને નૃપતી જન તે આવ્યા વણિકને દ્વાર
મુદ્દા માલ દેખી પકડયા ઠરાવી ગુન્હેગારરે તે.
ચંદ્રકેતુ ધરતીન્રાય નીતીનો ભંડાર
પૂછ્યા વિના આજ્ઞા દીધી નાંખો કેદે સારરે. તે.

ગીતી.

ચોરીના ધન સાથે સાધુ વણિકનું ધન લુટી લીધું;
માયામાં ગ્યો ભુલી કામ અગટતું રાજાએ કીધું.

વાણીયાના બાલો ઈશ્વર સ્તુતી કરે છે.

મહા જુલમ એ રાહ.

પ્રભૂ ગતી તારીછે ન્યારી, વિધિ આ દીન લે પારી. પ્રભુ.

અમે છીએ ખરા શાહુકાર ઠર્યા ચોર સાર કહીએ ખેર ધાર
વિભુ સુખકારી. પ્રભુ,
તું તો રંક બનાવે રાય, રાય રંક થાય, ગતી ન કળાય,
નિગમકે પોકારી. પ્રભુ.
અમે મોજ મજા કરતા, સુખેથી ફરતા, ઠર્યા નરતા,
હાલ અમ ભારી. પ્રભુ.
તું તો છો ખરો દીન દયાલ, કર તું પ્રતિપાલ, ઉગાર દીન બાળ.
પીડાને વિદારી. પ્રભુ.

શત્યદેવના કોપે કરીને તેને ઘરે જે ધન માલ વીગેરે હતું તે તે સરવે નાશ પામ્યું.

ગીતી.

સાધુ વણીકને નગરે, ઘર તેનું જ્યાં દ્રવ્ય હતું ભાર;
સત્યનારાયણ કોપે, સરવે પામ્યું નાશજ નિરધાર.
દારા બહુ દુખ પામી, દુહીતા તેની ભુખ તરશ વેઠે;
શુશીલને વળી સગુણી, ઘર ઘર માગી ખાય રંક પેઠે.

સીંચાનો કનરો.

એક દીવસ નેબ્રહ્મ આગારે રંક સરીખી જઇને યાચે,
તે દીન પુરણ પ્રીતે કરીને શુખદા પ્રભુની કથા ત્યાં વાંચે. એક.
શ્રવણ કરે તે આનંદ સાથે બાલા નિમોહી ભાવજ સાચે. એક.
સત્યદેવની લઈ પ્રસાદ ઘેર ગઇ ઉરમાં અતી માચે. એક.

ગીતી.

સત્ય દેવની પ્રીતે, વીનતી કરવા લાગી સુખકારી,
પતિ પીતુનાં ધ્યો દર્શન, માગુ આપો હે જગ દુઃખ હારી.

વાણીઆની સ્ત્રીએ ઇશ્વર સ્તુતી કરી તે

સોરઠની ઠુમરી.

અકળ ગતિ છે તારી વાલા અકળગતી છે તારીરે. ટેક
બ્રહ્માઆદિ પાર ન પામે, તો હુ કોન બીચારીરે;
માયા મોહે ભુલી ભમુ છુ, સાય કરતું ગીરધારીરે અકળ.
રાયને કરતું રંક સરીખો, રંકપ છતર ધરાવેરે;
જલ ત્યાં થલ થાનક ત્યાં પાણી, પલેમાં પ્રભુ નીપજાવેરે અકલ.
મોજ મજામાં નીશદીન ફરતાં શુખડા અપરંપારીરે
કરમ દુરાવે કોપજ પામી, દુખ ભોગવીએ ભારીરે. અકલ.
ગુન્હા સામુ નાથ ન જોશો, દયા દીલમાં ધારીરે
દેવ દયાળુ દુખડા દળતું, વીનતી માની મોરારીરે. અકલ.

કલાવંતી રાત્રે ઘેર મોડી આવવાથી તેની માતુશ્રી લીલાવતી કહે છે.

ગીતી.

અરે કલાવંતી બાઇ, આવડી રાત્રી કયાં ગાળી કેને;
અણુઘટતું કહેવાય, ખરેખરો તું ભેદ મને દેને

કલાવંતી કહે છે.

પીલુ.

માતુ વચન સુણી કહે છે બાલા સુશીલ શયાની વાણી રસાલા.
દેપ વિના શુ મુજને સતાવે, કરમ શુ કરીયાં જે કરશો વિહાલા. માતુ
બ્રહ્મ ધરે કથા સત્ય નારણની, થતી હતી જે ખરી પ્રતી પાલા. માતુ.
સુણતાં વાર થઇ તે કારણ, માફી આપી થાતું મયાલા. માતુ.
વાત સુણી વાત વરત બાધાની, યાદ ચડી જે હરણુ જંજાલા. માતુ.

લીલાવતીએ વૃત કર્યું અભાગીછુ હું રાજ વંશીરે. એ રાહ

પ્રીતેથી કર્યું વરત સુખદાઇજે ખરૂ દુખ હારી કહેવાય છે તે. પ્રીતે.

સગા સંબંધી સાથમાં, લાવી વાલ અપાર
પ્રીતિ ભાવે આદર્યું, વરત જે શુખ દેનાર. પ્રીતે.
માંડ માંડ પુરૂ કરી, શેવ્યા જગ કરનાર
ભુલ તણી માફી ભણી રીઝયા ભવ ભરતાર. પ્રીતે.
માગુ હે પ્રભુ એટલું, પતિ મમ સહિત જમાત;
ક્ષેમ કુશળ આવે ગ્રહે આપો જગ શુખદાત. પ્રીતે.
પ્રભુ વરત કરવાથી ખુશી થયા અને ચંદ્રકેતુને સ્વપ્ના વિશે કહ્યું.

દીંડી.

સુણુ ચંદ્રકેતુ રાય મારી વાણી, છોડ વણીક તેને હું કહુછું તાણી
વાત આ બની માયાથી લેજે જાણી. સુણી.
વણીક બે જણાને માન પુર્ણુ આપી, લીધેલ દ્રવ્યથી અધાપી,
(નહીતો) પીડ આપીશ હું પૂર્ણુ તુજને શ્રાપી. સુણુ.
એટલુ રાજાને સ્વપ્નામાં કહીને પ્રભુ અંતર ધ્યાન થયા.

આશાગોડી.

થયા પ્રભુ અંતર ધ્યાંન કહી વાત થયા પ્રભુ અંતર ધ્યાન.
વાત સ્વપ્નની મંત્રી મંડળને નૃપતિએ કહી નીરવાને કહી.
કેદ થકી બન્ને મુકતજ કરીયા આપી પુરણ માન કહી.
ક્ષૌર કરાવી વસ્ત્રા ભુષણ સોંપે સ્નેહે શુંજાણુ કહી.
ભુલ તણી નૃપે માફી માગી દ્રવ્ય દઇ બમણુ કહી.
ખુશી પડે ત્યાં તમે પધારો નમ્રવચન શુખ ખાન કહી

ગીતી.

વિનય વચન રસવાળાં શુણી પતીનાં નમન કરી હરશે
દયો આજ્ઞા ધર જાશુ તે કરતાં જન ભવનિધિથી તરશે
શાન્તી શ્રી રામ કૃશ્ન પરમાત્માની જય શ્રી સત્યનારાયણ દેવ

અધ્યાય ૩ જો સમાપ્ત સંપુર્ણ.

શ્રી ૧!

ઓંમ

ગીતી.

મંગલ યાત્રા કરીને ગજા પ્રમાણે બ્રહ્મ દખણા દીધી
સુતકે શૌનક સુણજો નગર જવાની વાટ પછી લીધી
શાન્તી લેવા કારણ અમુક સ્થલમાં નાવલંગર કરીયું
સાધુ વણિક કંઇ સુધર્યો કર પરિક્ષા પ્રભુ કરમાં ઠરીયું.

લાવણી.

સત્યનારાયણ ધરી રૂપ સન્યાસી આવ્યા
કહે સાધુ વણિકને નાવ વિષે શું લાવ્યા
સુણી પ્રશ્ન વિચારે વણીક આપવું પડશે
થઇ લાલચ વશ બે દ્રવ્ય નથી જે મળશે
છે વેલ પાંદડાં હલકી ચીજોમાંહી
થાઓ વચન સત્ય કહી બેઠા તે દુર જાઇ
પછી નાવ વિષે તે કામ કારણે આવ્યો
જલમાં તરતું જોઇ નાવ શોક ઉર લાવ્યો
મહીં જુવે તો રહ્યાં છે વેલ પાંદડાં છાઇ
નીરખી પૃથ્વી પર પડીયો મુરછા ખાઇ

ગીતી.

આશ્વાન વાસન કરતાં સાધુ વણિકને ભાન પુરણ આવ્યું
સન્યાશીના શ્રાપે બન્યું કર્મફલ પૂર્ણ રીતે ફાવ્યું
ચરણ કમળને વંદી દંડીરૂપે સત્યનારણ સ્વામી
વિનંતી કરવા લાગ્યા માયામાંહે ભુલ્યા નિષ્કામી

બનજારો.

હે ભવભંજન દુખહારી પ્રભુ સુણોને અરજ અમારી
અમે દીનજ બાલ અજાન મદમોહે રહ્યા ગુલતાન
દયો સ્થિતિ અમારી સુધારી. હે.
દળો દુઃખ દયાલુ દેવા છીએ ગુનેગાર અશમેવા
પ્રભુ ક્ષમા કરો બ્રહ્મધારી. હે.
વ્રત પુજન મારૂં ભુલ્યો તેથી દુઃખનિધિમાં તું ડુલ્યો
એમ કહુંછું સત્ય ઉચારી. હે.

આશાગોડી.

અકળ ગતી છે તારી પ્રભુ મારા અકળ ગતી છે તારી
બ્રહ્મા ઈંદર માયા મોહે ભુલી ગયા ભડભારી, પ્રભુ.
રંક બિચારો પામર પ્રાણી મમ ગજૂ શું કહુ ઉચારી. પ્રભુ.
ભેદ ભરમમાં રહું હું ભટકતો દાસ ભીમંદ લ્યો ઉગારી. પ્રભુ.
તવ માયામાં કોણ ન ભૂલ્યો રેમ ધરો ઉપકારી. પ્રભુ.
મંદ અભાગી મારા સામું જોશો ન વિનંતી ધારી. પ્રભુ.
વ્રત પૂજન હું વિધિની સાથે કરીશ કહું નિરધારી. પ્રભુ.

ગીતી.

સ્તુતી સુણી સતનારણ દેવ જગતના સરવ અંતરજામી
વેલ પાંદડાં સ્થાને અસલ પ્રમાણે દ્રવ્ય હરખ પામી
મનવાંછીત ફલ આપી કારણ સૌનું અલોપ થ્યા આ સુ
વણીક રચો મન હરખી ધન્ય હરન પ્રભુ ભવ બંધન કાંશુ

પીલુ.

કૃપા પામી થયો આનંદ ભારી કરીયું વ્રત જે અતી સુખકારી

સગાં મિત્રની સાથે કરીયું પુજન વિધિસર ભાવજ ભારી. કૃપા.
નારાયણ સત્ય દેવ પ્રતાપે સુખ બહુ પામ્યો વણિક વિચારી. કૃપા.
સાધુ વણિક પછી દેશ પોતાને ચાલ્યો ચિતમાં ચેન વધારી. કૃપા.

માઢની ચાલ વીરા વેશ્યાના યારી એ રાહ.

દેખો સુંદર ભારી નગરી આ મારી આપે અતી વિશરામ
થાય હરશજ ભારી શું કહું વારી આપે અતી વીશરામ
ધાવક મોકલ્યો આપ વધાઇ કહું છું સત્ય આ વાર
શીખ ચડાવી શીરપર ચાલ્યો પહોંચી વણિક આગાર દેખો.
હાથ જોડી ત્યાં કેવા લાગ્યો આવ્યા આપના શ્યામ
સગાં જમાઇ અતી ધન સાથે હરશી સાધુ સતી ભામ. દેખો.
પુજન કરતાંતાં ત્યારે તે પ્રીતે ધાવકની શુણી વાણ
કલાવંતી કરી પુજન પૂરણ આવજે નીરખું નીદાન. દેખો.
સ્વામી આવ્યા સુણી વાતજ હરશી સત્વર પુજન સાર
કરી ચાલ્યાં બંને પ્રસાદ છોડી કોપ્યા જગ કરતાર. દેખો.

ગીતી.

સત્યનારાયણ કોપ્યા પ્રસાદ છાંડયો તેથી કહું સાચું
જમાઇ ધન સહ નઉકા ગુમ થયું સૌનક ગુણુ ગાઇ રાચું

ધન્યાશ્રી.

સ્વામી ન જોઇ નીરધાર કલાવંતી સ્વામી ન જોઇ નિરધાર
મુરછા ખાઇ ઢળી તે ધરણે રૂદન કરે તે અપાર કલાવંતી.
ડુબી ગએલો જાણી સ્રીયંપતીને સતી થાવાને તૈયાર કલાવંતી.
કાન્ત પાદુકા સંકલ્પ સાથે બળી મરૂ કર્યો અવિધાર કલાવંતી.

પીલુ.

દેખી દુહીતા દુઃખડાં ભારી શોકીત થયાં તે દંપતી અપારી

રૂદન કરે અતી નીરખી સૌજન ઉરમાં પામ્યાં પીડા ભારી દેખી.
શોક સંગાથે ત્રીયને કેછે કોપ થયો નકી પ્રભુ ગીરધારી દેખી.
ધારિ એવું ઉર મહિમા સમરી વિનંતી કરવા લાગ્યો ઉચારી દેખી

આશાગોડી સ્તુતી.

મહીમા તારો ભારી પ્રભુ મારા મહીમા તારો ભારી
શેષ શારદ કોય પાર ન પામે હું મંદ અજ્ઞ અપારી પ્રભુ.
મોહમદે હું ભૂલ્યો વાલા પીડ વિદાર ગિરધારી પ્રભુ.
માયા મોહે નાથજ તારૂં વ્રત હું ભૂલ્યો મોરારી પ્રભુ.
સગાં સનેહી સાથે વ્રતને કરીશ હું લેને ઉગારી પ્રભુ.
રાંક અજાણ અભાગી બાલક વિનંતી લેજે સ્વીકારી પ્રભુ.
મારા સામું નાથ ન જોશો ભવભંજન દુઃખહારી પ્રભુ.

એવી સાધુ વણિકની સ્તુતી સાંભળી પ્રભુ પ્રસન્ન થયા અને આકાશ વાણી થઇ,

આજ શ્યામ મોહનકી એ રાહ.

વીનતી સુણીને પ્રસન્ન થયા જગત નાથરે
ગગન વાણી સત્યદેવ કરી કર્યો સનાથરે વી.

પ્રસાદ છોડી પુત્રી તારી આવ્ય શ્યામ નીરખવા
તે સબબ જમાત નાવ સાથ અલોપ થયો ધ્રુવા વી.

ઘર જઇ પ્રસાદ ખાઇ આવતાં પતી મળે
પ્રસાદ ખાઇ આવી ત્યાંહી શ્યામ તરીયો તે સ્થળે વી.

પછી તે સાધુવણીકનો જમાઇ ધન સાથેના વહાણ સહીત દેખાયો તે જોઇ સરવે આનંદીત થયાં અને હર્ષભેર સૌ ઘેર ગયાં.

મહા જુલમ જગતમાંય એ રાહ.

સૌ ખુશી થયાં ભારી ઘેર ગયાં આનંદ ધારી. સૌ ખુશી

કરયું પ્રીત ધરીને પુજન મળી સઉ જન પામ્યાં ધન તન
સુખી થયાં અપારી.　　　　　સૌ ખુશી.
દરપુનમ સગાંની સાથ પ્રીતે વ્રત ગાથ સરવ થયાં સનાથ
મુકિત મળી પ્યારી.　　　　　સૌ સુખી
આપે મંગલ જશ નીરવાણુ કરે અરિહાણુ વિદ્દારે ભવતાણુ
મળે મોરારી.　　　　　સૌ ખુશી
ભકત વત્સલ ભુધરશામ પુરણુ પ્રભુ કામ સદાય નિઃકામ
અકળ ગતી ન્યારી.　　　　　સૌ ખુશી
રાજી કરવા જો હોય મન કરવું વ્રત પુજન ઉર રાખી પ્રસન
નારણુ લે ઉગારી.　　　　　સૌ ખુશી

ચોથો અધ્યાય સમ્પુર્ણ.

ૐ શાન્તી સત્યનારાયણુ દેવની જય શ્રી રામકૃષ્ણુ પરમાત્મા દેવની જય.

શ્રી ૧।

ૐ

ગીતી.

સુતજી કેછે સુણજો પ્રીત થકી મમ વચન સુખદ સારાં
સત્ય દેવનો મહીમા સુણતાં બંધજ થાય દુઃખદ ખારાં
અંગદ્વજ નામે રાજા પ્રજાનુ પાલન પ્રીતથકી કરતો
પ્રશાદ છાંડયો તેણે શત્યદેવનો થયો દુઃખમાં ફરતો

દક્ષિણી દાદરો.

શિકાર ખેલવા ગયો તે વનમોઝારરે
પશુઓ મારી, હરષ ધારી, શ્રમિત ભારી, વટ નિહારી
થાકને નીવારીરે.　　　શિકાર

શત્યદેવનું પુજન પ્રીત ધારીરે
વડની પાસ, ધરી હુલાશ, ભકિત ભાશ, શોક નાશ
ગોપ મિત્રો શાથેરે. શિકાર
નીરખીયું છતાં ગયો ન ગોપ પાસેરે
દૂરથી નમન, ન કર્યું ગમન, ગરવ પવન, ચેન દમન
નમ્રતા વિનાશીરે શિકાર
પુજન અંતમાં ગોપ મોદ પામીરે
નૃપત્ ચૂકી, પ્રશાદ મુંકી, આનદ ઝુકી, પીડ સુકી
પ્રશાદી પ્રાશી પ્રણામીરે શિકાર

સત્સનારાયણની પ્રશાદીનો રાજાએ અંગીકાર ન કર્યો જેથી તે બહુજ દુઃખ પામ્યો.

ધન્યાશ્રી.

પીડા પામ્યો અપાર પછી તે રાજા પીડા પામ્યો અપાર.
પ્રશાદ પાશન કર્યો ન તેથી થયો શઉ સુખનો શંહાર. પછી. તે
શત્યનારાયણ દેવના કોપે દૂ;ખ પામ્યો નીરધાર. પછી. તે
શત પુત્રોને ધાન ધનાદિ વણસ્યાં ન લાગી વાર. પછી. તે
વિચાર કરીયો રાજાએ મનમાં કોપ્યા જગ કરતાર. પછી. તે
શત્સદેવનું પુજન થશે ત્યાં નિશ્ચે જઇશ ધરી પ્યાર. પછી. તે

ત્રી. ચોપાઈ.

પ્રભુ શમરીને પ્રીતે રાજા ગયો ગોપ પાસે તજી માજા
રાજા ગોપશંગાથે પ્રીતે પુજન ભકિતથી કરીયું સુરીતે
પામી શત્યતણો પરતાપ ધન સુત પૂર થયો નિષ્પાપ
ચેનો ભોગવીયાં સુખકારી અંતે વૈકુંઠ ગયો દુઃખ હારી

આશા.

શત્યનારાયણ વ્રત સુખકારી જનમ મરણનાં દુખ હરનારૂં

મનવાંછીત ફલ ભકિત ભાવે કરતાં આપે મોક્ષનું બારૂં શત્ય
ધન ધાન્યાદિ શંપતી જામે શાય એ શમ નહીં કોઇ કરનારૂં શત્ય
પામર પુરણ ધનને પામે બંધી મુક્ત બને કહુ વારૂ શત્ય
ભયવાળાનો ભયજ વિદારે શંશય જાણ ન શૌનક ધારૂ શત્ય
આદરશે વ્રત જે જન ભાવે સુખને પામી લે વૈકુઠ પ્યારૂ શત્ય

ફેરબો.

સત્યનારાયણ કૃપા કરે અતી ભારીરે અતીભારીરે (૨) સત્ય.
આ વ્રત જન જે પ્રીતે કરશે દળશે દુઃખ અપાર
શૌનક સુણજો આપે નિશ્ચય લાભ અધિક નિરધાર સત્ય
મુખ્યે કરીને કલિયુગ માંહી જલદી ફલ દેનાર
આ સમ બીજુ કોઇ નહીં અંતે મોક્ષ તણું સુખસાર સત્ય
સત્ય ઇશ સત્ય દેવ કહે છે સત્યનારાયણ દેવ
વિષ્ણુ ભિન ભિન રૂપે વીચરી ઇચ્છીત દે અશમેવ સત્ય

મરાઠી સાખી.

શ્રવણ મનનથી આપે ઇચ્છીત ફલ સરવ દુઃખોને ટાળી
જનનકિ ધરમી બનશે વૈકુંઠ આપે ભ્રમના બાળી
વૃત તે જેશ્વરી જાણી સેવો સુખદા ગુણ ખાણી
કલિયુગમાં આ વ્રતનો કરશે પાઠ શ્રવણ ધરી પ્રીતી
અધનાઓ ધજ વણશે શૌનક તે ગો જન જગ જીતી
સૌસેવો સાદર સાથે નાવે જનમ મરણ માથે

ઈશ્વરસ્તુતિ.

કલ્યાણ.

ભવભીતી હરો પ્રભુ સાયતા કરો રમાપતિ આ બાલને તમારો આશરો
આર્ય બાલમાં પ્રેરો નીતિ આપો પુરણ જ્ઞાન ટેક.
કુડાં કરમો નાથ છોડાવો હણો ગોહમદમાન ભવભીતી

નિત્ય પ્રીતથી સત્યજ સેવે લાવી હેત અપાર
ચરણ કમળની ભક્તિ આપી તારો જગદાધાર ભવભીતી
આળેશ ત્યાગી ધરમે લાગી રે આર્યો ભરપુર
ઉદ્યમ નીતિ સાથ આદરે યામન ધરજો ઉર ભવભીતી
સુમતી આપી કુમતી કાપી સત્ય શાસ્ત્રનું ધ્યાન
આર્ય ચિત્તમાં કલા કુશલતા સદગ્રંથ ગુંથન જ્ઞાન ભવભીતી
જય, વૈભવો, સુખ, સંપતી આપો કષ્ટ હમો જગરાય
મંદમતી આ બાલ અજ્ઞાની અરજ ધરો ઉરમાંય ભવભીતી

બીભાસ આરતી.

અશરનં શરનં પ્રભુ કૃપાના નિધાન. ટેક.
મંદભાગી, રતલાગી મોહમદમાન
કામી વામી સ્વામી તારો બાળક અજાન અશરન
યવન, કિરાન, ખશ, પાપે પયાન
અજામેલ પાપી આપ્યું પદ નિરવાણ અશરનં
ગજની તેં સાય કીધી ગનકા વીમાન
અસુરો વિદારી કર્યા આપ સમાન અશરનં
કામ બહુ મારાં કુઠાં લેશો નહીં ધ્યાન
જેવો તેવો છઉં તારો કરશો કલ્યાન અશરનં
આપો પદ કંજતણી ભગતી મહાન
અજ્ઞાની આ અર્જ ધરો પ્રભુ કૃષ્ણ કાન અશરનં

ગીતી.

ભવ ભયને હરનારી સુખ કરનારી ચિતમાંહે ચાહી
સત્યનારાયણ દેવા કથા તેહની સંગીતમાં ગાઇ
કવી, કવીવર, કોવીદ જ્ઞાની સજનો પાસે કરજોરી

ક્ષમા ભૂલની માગું વાંચી સુધારો મતી મંદ મોરી
કાવ્ય ભેદ નવ જાણું ભાવ, વિભાવ, રસ, અલંકાર સારા
તેની ગતી નહીં મુજને કહિ હું નહીં પ્રભૂ ગુણ ગાવા પ્યારા
ચંદ, ખંડ, શર, સિદ્ધિ સંવત સારો માઘ માસ કહીએ
શુક્લ પક્ષ તિથિ દ્વીતીયા વાર સોમ થઇ પુરણ સુખ લહીએ
સત્યનારાયણ સ્વામી રંક દાસને શરણે બહુ નામી
રાખી ભગતી આપો ચરણ કમળની માગું પરણામી
એ વીગત અજ પ્રભૂ પ્યારા રમન કરો મમ અંતરમાં વાલા
જનનો દાસ બનાવો નરશાં કૃત્યો ભંજો પ્રતિપાલા
હુરનીશ હીરદે રેજો રીતીરેણી રમણીચમાં રાખો
નરહરી નરસીંહ નારણ ગોવીંદ ગીરધર ગુના ગુરૂન દાખી
જગઢંક નરિપુ દુહીતા પતિ તસ્ય અરિ તસ્ય પિતુ દયો જોડી
દધી સુતા પતિ ચરણે મોહ કેડીદે જનમ મરણ ત્રોડી

પાંચમો અધ્યાય સમ્પુર્ણ.

ૐ શાન્તી શ્રી રામ કૃષ્ણ દેવની જય શ્રી સત્યનારાયણ દેવની જય.

શ્રી ૧।

ૐ

શ્રી કૃષ્ણ પરમાત્મને નમઃ

સૂદામા આખ્યાન.

ઈશ્વર સ્તુતી.

મહાજુલમ-એરાહ.

અનુકંપા પુરણ કરજો બાલ અરજ ઉરે ધરજો   અનુકંપા
આપો સુભમતિ હેમમનાથ, માઉ નિત્ય ગાથ, રાખોને સંગાથ

સરવ દુઃખ દળજો અનુકંપા
લખું લખું સુદામા આખ્યાન નથી કાંઇ શાન કૃપાના નિધાન
કુમતિ વિભુ હરજોઃ અનુકંપા
અનીસંકટ દુખના તાપ રમે ઉરપાપ જમો જગબાપ
નમન મમ પળજો અનુકંપા

રાજોવાચ—અભીમન્યુ સુત પુછે ઉદારમનના હે પ્રભુ શુક દેવા
માતમ પ્રાક્રમ વિભુનું સાંભળવા છે ઇચ્છા અશમેવા
પ્રભુ કથા સાંભળતાં વિરામ કો નવ પામે મમસ્વામી
વેત્તા નરને સુખદે ચરિત્રકો મમરે ઉર સુખ પામી

ધન્યાશ્રી.

બ્રહ્મન સુખના સાજ પ્રભુ હે મારા બ્રહ્મ ન સુખના સાજ
હરિગુણ ગણના વાણી પ્રમાણું તે વાણી શીરતાજ પ્રભુ
હાથ તે હાથે કરમ કર્યા શુભ મનતે સદ્યજો માહારાજ પ્રભુ
કાન તે કાને હરિ કથાને શ્રવણ કરે તજી માજ પ્રભુ
શીરતે નમે પ્રીતે પ્રભૂ છબીને ચક્ષુ તે દેખે વિભુરાજ પ્રભુ
અંગતે વિભુનાં ચરણ કમળનું પાન કરે સુખ જાજ પ્રભુ
એવા પ્રભુની લીલા વીસ્તારી પ્રીતે કહો માહારાજ પ્રભુ

ગીતી.

સુતોવાચ—સુતજી શૌનક પ્રત્યે કે નૃપ વચનો શુણી શુક ભગવાના
રદય મગન છે જેનું વાસુ દેવે સદાનમ દમાના

પીલુ.

કૃષ્ણ પ્રભુ સખા બ્રહ્મ સુદામો જાણ્યું તત્ત્વ તપાસી પ્રીતે
શાન્ત જે મનનો ચીતને ગ્રહયું છે ઇંદ્રીય જીતી નય આશ્રીતે. કૃષ્ણ
ધર બારી તે દૈવ ઇચ્છાથી પ્રાપ્તા પ્રાપ્તે ખેદન ચીતે કૃષ્ણ
અનને ચીરના જેને વાંધા બાલ ત્રિયા દુઃખ પામે નિત્યે કૃષ્ણ
નારી પતિવ્રતા સુકેલ મુખની ધ્રુજતી દરિદ્રિ કે બો દુઃખવીતે કૃષ્ણ

ઢીંઢો.

રમાનાથ સખા આપના કહાવે
પ્રભુ દીનના દયાલ બ્રહ્મ ભાવે
ભકત વત્સલ જે પાપને હટાવે   રમા
શરણુ જાય તેની સાર કરે પ્રીતે
દારિદ્રનાશ થાય જાઓને ખચીતે
સાધુને આધીન રેછે પ્રભુ નિત્યે   રમા
કૃષ્ણ શરણુ ગ્રહો કુટુંબ પીડ પામે
દ્રવ્ય આપશે ખચીત દુઃખ વામે
સ્યામ પ્રાપ્ત કરો સરવ સુખ જામે   રમા

કાફી ત્રિતાળ.

સકલ ભુવનનો એ રાય દ્વારીકાંએ બિરાજે   સકલ
વૃષ્ણી અંધક ભોજેશ્વરએ ચરણુ કમળને ચાય
માગે જીવતો આપે તતક્ષણુ ફેરન લેશ ગણાય
ચાહે તે આપે ભગત નિવાજે   સકલ
ઇચ્છા પુરણુ સૌની કરે છે કહયો ન જાય મહીમાય
જગત ગુરૂએ જાણો ખચીતે આપનું કામ સધાય
સરવ દુઃખ જાતાં ભ્રાજે   સકલ
ત્રીયની કોમળ વાણી સુણીને વિચાર કરે મનમાંય
દ્વારીકાં જાતાં લાભ છે મોટો દરશન પ્રભુ નાં થાય
અતી સુખ ઉરમાં છાજે   સકલ
મનથી ચિંતવન કરીને બાંધ્યો નિશ્ચય પાકો સરાય
કેકલ્યાણી ભેટજ આપો પ્રભુની પાસ ધરાય
ગૃહીણી ગુણુ શીરતાજે   સકલ
ચાર મુઠી તાંદુલાં યાચી બાંધી ચીરના ચુંથાય

આપે તે નિજ સ્યામને પ્રીતે પ્રભુને ઉરમાં ચાય
સુદામો મનમાં લાજે સકલ.

ત્રોટક.

બ્રહ્મ શ્રેષ્ટ સુદામો તાંદુલ લઇ ગમન પ્રભુની પુરીએજ, સહી
મગમાં બહુ કલ્પ ઉઠે મનમાં પ્રભુ દર શીશ ક્યાંથી રમે તનમાં
હું દીનભીખારીને આદરથી કોણ પેસવા દેશે કહે મનથી
પ્રભુની પુરીએ તે પહોંચી ગયો પ્રભુદ્વારની માંહે રવાનો થયો
ત્રણ દોઢી વટાવી ગયો જવતે અંધકા દિનાં મોલ દેખ્યા તવરે
સુવરણ ગ્રહોમાં પ્રવેશ થતાં પ્રભુ ભૂવન દેખ્યાં નથી અછતાં
પ્રભુ ત્રીયો તણાં ભુવનો નીરખી પેઠો શ્રીમતે બહુ રયો હરખી
તે ભૂવન વિષે બહુ સુખ થયું બ્રહ્મને મળતાં સુખ વાધી રહ્યું

દક્ષણી લાવણી તાલ દાદરો

અજ અનાશીનાથ સકલ ભુવન રાયરે
દુરથી દેખી સુદામો પેખી પયેકો વેખી ધ્રડીસુ લે ાાા.
ઉરમાં લગાવીરે અજ
પ્રેમથી મળ્યા મિત્રને સુપ્રીતેરે
અંગસ્પર્શ, પામ્યા હર્ષ, કરીયાં દર્શ, મટાડી તર્શ,
પામીયા વિરામરે, અજ
નેત્રથીઝરે પ્રેમ આંશુ ધારરે
પલંગ માંહી, ચિતે ચાહી, પ્રીત લાઇ, ગુણગાઇ
હેતથી બેસાડેરે અજ
સાજ લઇ કરે સેવના સુહરશેરે
ધોઇ ચરણ, સૌનું શરણ, તારણ તરણ, પીડ હરણ,
મસ્તકે ચડાવેરે અજ

હેતે ચરણીયું અંઘ્રનાદિ પ્રીતેરે
દિવ્ય ધુપ લઇ અનુપ, જગત ભૂપ, સરવરૂપ,
(સેવા) દીપથી ઉતારીરે. આજ
તાંબુલ આપીયુ શિતલ નીર પીવાનેરે
બ્રહ્મસુવન, પૂતભુવન, કરીયું ધન, ભાગ્ય દન,
આજ મારૂ ખુલ્યુંરે. આજ

ફેરબો.

આજ્ઞા માની સરવે બ્રહ્મની સેવા કરવા લાગીરે
સેવા કરવા લાગીરે (૨) આજ્ઞા.
શ્રેષ્ટ કીર્તી છે જેની એવા કેશવ શ્રી ભગવાન
પ્રીતેથી સત્કાર કરાવેલ નીરખીને નીરવાન. આજ્ઞા.
અંતઃપુરના લોકો સરવે વિષ્મય થયાં અપાર
આ બ્રહ્મે શું પુન્યજ કરીયાં સેવે જગ કરતાર. આજ્ઞા.
નિર્ધન બ્રહ્મ નિંદિત ઇહ લોકે ભિક્ષુક બડ અવધુત
અધમ આગલ શુ પુન્ય કરેલાં ધન્ય સેવે નંદ સુત. આજ્ઞા.

ચીતી.

ત્રણભુવનના સ્વામી રમાપતિ શ્રી કૃષ્ણ રમાત્યાગી
બન્ધુ સમ રદીયામાં ચાંપ્યો બ્રહ્મ સુદામો બડભાગી
ત્યાર પછી બ્રહ્મ પાસે નાથ જગતનો પૂર્વ કથા કેછે
સાંદીપ ગુરૂમહ ભણવા ગયા જે લીલા કરી કહું તે હે.

કલ્યાણ.

ભુવનના પતી ગહન છે ગતી વિશદ વચન બોલીયા તે શુભ ભૂપતી.
બોવીદન નહીં ચીત તમારૂ સહેન વીષે લયલીન
સર્વ કામના પુરણ છતી ધન રત નહીં અધીન ભુવન.

ચીતને રોકી માયા ત્યાગી કરતા સુંદર કર્મ
માયા ધરૂ હું લોક સંધરવા પૃથક રહુ ધરી ધર્મ ભૂવન.
મિત્ર હેતુ મે જાણો સરવે તવ મનનો ભલીભાત
ચિત નીરોધી ભ્રમના દૂંશી ધન્ય ધન્ય શુખદાત. ભૂવન.
હે બ્રહ્મન ગુરૂ ઘરમાં વસીયા લાવો કો દીન ઉર
ગુરૂ થકી નિજ રૂપ પીછાણી તરાય ભવ નિધિપૂર. ભૂવન.
પ્રથમ ગુરૂ માતા પિતુ કહીએ દીધ્ર જનમ શુખ પૂર
દ્વીતીય ગુરૂ બ્રહ્મના બાલોને કરમ દઢાવે ઉર. ભૂવન.
આશ્રમ પાલક જન એવાનો હુ ગુરૂછુ શુખખાન
પરમ પ્રેમથી આપુ પોતે શુખદા આતમ જ્ઞાન. ભૂવન.

ખંભાત. માથાના મુગટ.

બ્રહ્મન શુનિશ્ચ શુણો વાત એક મારીરે
અર્ચા આદી મારી વાણે જ્ઞાને ભવપારીરે. બ્ર.
સર્વમાં વ્યાપક એવો મને લેજો જાણીરે
જાતીથી ન યજ્ઞથી હુ રાજી ત્યો એધાણીરે. બ્ર.
ઇંદ્રજીતે તપો કરે ખુશી ન હુ તેથીરે
ગુરૂ સેવા સૌથી ઉચી રાજી થાઉ જેથીરે. બ્ર.
એવા ગુરૂ આપણા તેઓને ગ્રહેરે તારે
વાત સાંભળેછે કાંઇ કોને બ્રહ્મવેતારે. બ્ર.
એક દીને ગુરૂત્રીયે કાષ્ટ લેવા મુકયારે
રૂતુ વીના મોટા વને મેધ આવી ઝુકયારે.
ગર્જના કડાકા અને તીવ્ર થયો વાયુરે
ફરતાં રવી અસ્ત થયો અસ્ત થઇ દીશાયુરે.
વીથીઓ પુરાઇ ગયા નીરે મારા બન્ધુરે,
ઉચા નીચી ભૂમી ન દેખાય ગુણુ સિન્ધુરે.

ગીતી.

વનમાં જલ વાયુની માર ખાઇ બહુ મેઘ માર ખાધી
વને પીડ બહુ પામ્યા દીશ ન શુઝે હાથ ગ્રહ્યા સાધી
કારણ ગુરૂએ જાણ્યુ પીડ પામ્યા અંતરમાં ભારી
ચાલ્યા શોધજ કરવા રવી ઉદયે જે પરમ ધરમ ધારી
બહુ દયાળુ દેખી આપણુ એવા એ ગુર ગુણ ખાણી
કહે હે પુત્રો પામ્યા પીડ મમાર્થે કહી મૃદુલ વાણી
પ્રાણી માત્રને વાલુ શરીર વાલુ કરયુ ન મુજ માટે
ધન ધન ભાવ તમારો ચોખો પામો શુખ અખુટ સાટે

ફેરબો.

શ્રેષ્ટ બ્રહમો તમને આશીશ હું આપૂ એવીરે
હું આપુ એવીરે (૨) શ્રેષ્ટ
મન મનોરથ પુરણ થાઓ નહીં લવ લેશજ ફેર
આ લોક પરલોકે વેદો મુખમાંરે મમટેર. શ્રેષ્ટ
ગુર કૃપાએ પુરણ શાન્તી પામે પુરૂષ જરૂર
ઘણાં ચરીત્રો કરી બતાવ્યાં પ્રભુ એ ગુર હજુર. શ્રેષ્ટ
પુરણ પ્રભુ એ ગુરૂઘર વસીયા એ આશ્ચર્ય અગાધ
સત્ય કામ શુખદા જગ સ્વામી અજ અવિનાશી અબાધ. શ્રેષ્ટ
શરીર જેનું વેદ રૂપીવુ પદ જેનાં શુખકાર
લક્ષ્મી રદીયે વસીયા ગુર ગ્રહ એ આશ્ચર્ય અપાર. શ્રેષ્ટ

શુદામા આખ્યાનનો દશમ સ્કંધનો ૮૦ મો અધ્યાય સંપુર્ણ.

કૃષ્ણાર્પણમસ્તુ શુભંભવતુ.

ૐ શાન્તી શાન્તી શાન્તી શ્રીકૃષ્ણ પરમાત્માની જય.

શ્રી ૧।

ૐ

ગીતી.

સહુના અંતરજામી સ્મીત હાસ્યથી શુદામને કેછે
બ્રહ્મ શુભ ગતીને કેતા પ્રેમ લાવી પ્રભુ પુરણ બ્રહ્મ જેછે
મિત્ર હે મારા સગુણી મમ સારૂ કંઇ ભેટ પ્રીતે આણી
અલ્પ ભેટ હોય જનની વધુ માનું હુ પ્રેમ તસ્ય જાણી
અભક્તનુ ઝાઝુ તે મને ન આપે તોપ સત્ય કહુછું
મમ ભક્તોની થોડી ભેટ માની લઉ પ્રીતથી પ્રેમે હું
સુણી પ્રભુનાં વચનો બ્રહ્મ શુદામો લજ્જાને પામી
અલ્પ તાંદુલ આપ્યાના નીચું મુખ કરી રમાતણા સ્વામી.

પીલુ.

સરવ ભુતના અંતરજામી શ્રી નારાયણ જગના સ્વામી.
બ્રહ્મ આગમન હેતુ જાણી સાંભળ કેછે વિભુ બહુ નામી. મ.
લક્ષ્મી કારણ બ્રહ્મ શુદામો આવ્યો નિશ્ચય એ ગુણ ગ્રામી. સ.
બહુ વિનયે મમ પાસ મોકલીયો તેની ત્રીયે પોતાનો સ્વામી. સ.
મારા જનની પીડ વીદારૂં તોજ ખરો હુ અંતરજામી. સ.
હુ નરોને દુર્લભ સંપતી આપુ એવી ન રાખુ ખામી. સ.

કેરબો.

જીર્ણ વસ્ત્રે બાંધેલુ હે બ્રહ્મ આતે શું છેરે
બ્રહ્મ આતે શું છેરે (૨) જીર્ણ.
પૃથક તાંદુલ બાંધેલ શુદામો છુપાવે ધરી લાજ
પ્રભુ નીરખી લે હેતથકી હે સાંભળ ગરીબ નિવાજ. જી.
મારી જન મમ ભેટજ લાવ્યા હુ જગને શુખકાર
એક મુઠી તાંદુલ આરોગ્યા ભુવનના ભરતાર. જી.
બીજી મુઠે લક્ષ્મીજીએ હસ્ત ગ્રહ્યો તત્કાલ

આપ્યુ એ પરિપુરણ છે મમ શ્યામ હે દીન દયાલ. ૭.
તે રાત્રી ગાળી પ્રભુ મંદિર અશન કરી ભલી ભાત
સ્વર્ગ સરીખુ ચેનજ પામ્યો રદીયે થયો રળીયાત. ૭.
શ્રી ભગવાન નમ્યા બહુ પ્રીતે વીનય થકી ધરી વાલ
નમન કરી પ્રભુને પછી પ્રીતે વીદા થયો ધરી ધ્યાન. ૭.

ઢીંઢો.

પ્રભુ પાસથકી લેશ ન દ્રવ્ય પામી માગીયું નહીં બહુ શરમ ઉર આણી
પ્રભૂના દર્શથી નિરાંત પૂરણ પામી.
ગમન ઘરભણી ઉર શામ ધારી કીધુ માર્ગમાં વીચારરૂપ પુરણ પીધુ
બ્રહ્મવાલ અઘ દિલમાંહે લીધુ.
જગત શામ ભેટીયા અતીવ પ્રીતે સેવકી ઘરમાએ બહુ શુભ રીતે
દરિદ્રિ એવો હું જે તેહની ખચીતે—
અધન બ્રહ્મ હુને દ્રવ્ય નહીં આપ્યું મદન વધે તેનું કારણ એક થાપ્યુ
ભજન મારૂં રહે ઉર એને વ્યાપ્યું—

ખંભાત માથાના મુગટ.

ચીંતવન કરતાં એમ આવ્યો ઘર પાસેરે
દિવ્ય દેખી ભુવનને મનમાં વીમાશેરે ચીંન
રવી ચંદ વન્હી સમ કાન્તી જેના ભારીરે
ભૂવન એવાં દેખ્યાં જ્યાં ઈંદ્રપુરી હારી રે ચીંત
વિચિત્ર બગીચા વળી દિવ્ય ઉપવનરે
પક્ષીઓ કલોલ કરે થંભી રહે મનરે ચીંન
ફુલોથી શોભીત લીધાં વીમાનોએ ઘેરીરે
ભુવનોને દેખી આવે યાદ સુખ શેરીરે ચીંત
સુંદર પુરૂષ મૃગા નેણી બહુ નારી રે

સેવન કરાવતું તેણે આભુષણ ધારીરે ચીંત
કંચન મોહોલાત દેખી કહે તે વીચારીરે
ભુવન આ કયાંથી અત્ર પર્ણકુટી મારીરે ચીંત
ત્રીયતો ગરીબને સુકેલી હતી મારી રે
રંભા જેવી ત્રીયો દિવ્ય પુરૂષો નીહારી રે ચીંત
મનોરથ કરતા એવા સુદામાને નીરખીરે
દિવ્ય પુરૂકો ત્રીયોએ સામૈયું કર્યું હરખીરે ચીંત
નગારાં ત્રાંસાની સાથે ગાતાં વાતા પ્રીતે રે ચીંત
ઘર વિષે તેડી ગયાં આનંદ આનંદ અમીતે રે ચીંત

મુને મુકી ગયો છે મારો છેલડો રે તાલ દાદરો.

સુણી ઘેર મમ સ્વામીજી પધારીયા રે
સુખ પામી બહુ દુઃખને નિવારીયાં રે સુણી
ગજ ગામીની ધરી ઉર હરશનેરે
નયન તૃપતો કરવાને પીયુ દરશનેરે સુણી
રૂપ રંભા સરીખું અતી શોભતુંરે
નીરખી સ્વામી હરસ્યાં મન થોભતું રે સુણી
સુખ સાગર સુકાન્તને ભેટીયાં રે
હર્ષ અશ્રુ પડયાં અખંડ સુખે લેટીયાં રે સુણી

કાફી ત્રીતાલ.

ઘર જોઇ વિસ્મય થાય આનંદ ઉર ધરી રે ઘર
દેવી સમ ત્રીયસ્ત્રીયં નીરખી હુલશી ઉરની માંય
કંઠે હાર અમુલખ શોભીત સુંદર દાસે સોહાય
ડીંકરીઓ સુંદર વળી રેરધ

કંચન યુકત મણીમય સ્થંભો જડીત્ર ન પાર પમાય
મહમાં અમીત જે, જોઇ સુદામો ચાલતાં પડે પડ છાંય
નવાઇ પામ્યો લરીરે   ધર
પ્રસન થઇ ત્રીય પોતાની સાથે સ્વીય મંદીરે જાય
અનેક મણીમય સ્થંભો નીરખ્યા ઇંદ્રપુરી હારખાય
નવાઇ ઉર ઠરી રે   ધર
આસન ઉલેચ્યો કંચન શુદ્ધનાં શોભીત મોતી ગુચ્છાય
સુંદર મંડપ શોભી રહ્યા છે જોઇ હરખ ન માય
વિભુની મેર ખરી રે   ધર
ફટક મણી યુકત જડીત શુભીતો વરણુન લેશ ન થાય
દીપ રત્નના શોભીત શુંદર જન પ્રતિમાઓ દેખાય
પાર નવ આવે જરીરે.   ધર
પાર નવ આવે જરી રે   ધર
અપાર સંપતી જોઇ શુદામો વિચાર કરી મનમાંય
કહે કે ધન્ય પ્રભુ છે તમને અતીશય કરીયો પસાય
અખંડ શ્રી નાથ હરી રે   ધર

દક્ષણી દાહરો.

જગત નાથ હે શુખદ પુરણ કામરે
હું, અભાગી, પ્રીતી જાગી, દારિદ્રદાગી, ચરણુ રાગી
કીધ લઇ સનાથરે   જગત.
દ્રવ્ય પામીયો કૃષ્ણની કૃપાથીરે
હર્ષ થયું, દુખડુ ગયું, ચેન થયું, વીલ શીરયું
ઉરમાં અતીશેરે   જગત.
દ્રવ્ય યાચના કરી ન પ્રભુની પાસરે

બોલ્યા ન પ્રભુ, જગત વિભુ, સરવ બન્ધુ, કૃપાના સિન્ધુ
કહયું ન આપું દ્રવ્યરે   જગત
પ્રભુજી પુરણ બ્રહ્મ ઉર હેતુ પીછાણી રે
દ્રવ્ય અમાપ નહીં જમાય, જગત બાપ નાશક પાપ
આવીયું શું હરશે રે   જગત

ગીતી.

રાત્રી સમે ભરનીંદે શુતા શુતા પછી બહુ મેઘ પડે ત્રુટી
રહે ન ખબર સવારે મેઘ પડયો અતી હર્ષ રહે છુટી
તેમ પ્રભુએ મમ ઘરમાં કાંચનનો વરસાદ કર્યો ભારી
સખા કૃષ્ણ મમ સાચા જગત સ્વામીએ અજ વિભુ અવિકારી
કીંચીત મારી સેવા માની લીધી બહુ પુરણ નિષ્કામી
મુઠી તાંદુલને બદલે આપ્યું અખુટ ધન જગત તણા સ્વામી
ફરી શુદામો કહે જે જે યોનાએ મારો જનમ થાય
રહું પ્રભુ મિત્ર બની હું માગું એ વિભુ આપો શુભદાય
પ્રભુ ભકતોની સગત જનમો જનમ હું પામું એ માગું
અજ પદ નિત્ય અનુરાગી બનુ પ્રભુએ માગી પદે લાગું.

ધનાશ્રી.

પ્રભુ છે પરમ દયાલ પયોધિ ગુણ પ્રભુ છે પરમ દયાલ
ભકત પોતાનાને રાજ્ય ધનાદિક આપે ન બહુ ધરી વાલ પયોધિ
હેતુ ભકત મમ બહુ મદ પામી પામે નરક ધરી ખ્યાલ પયોધિ
એ દુઃખ દમવા દીન દયાળુ દ્રવ્ય ન આપે પ્રતિપાલ   પયોધિ
વિચાર એવા લાવી સુદામો વિભુ ભજે જે જગપાલ   પયોધિ
મોહાદિકને ખુબ ખસેડી જગ સેવે ધરીને સુચાલ   પયોધિ
દેવાધિ દેવ યજ્ઞ પતિ પ્રભુ અતીશે બ્રહ્મપર વાલ   પયોધિ
બ્રહ્મ વિના બીજું શ્રેયન માને દૈવ માને પ્રતિપાલ   પયોધિ

કલ્યાણ.

જગતના પતિ કૃપાલ છે અતી બ્રહ્મવાસ ઉર ભારી શુણ ભુપતી
મિત્રપણું નીરખી પ્રભુનુ બહુ હર્ષ રહયો ઉર છાઇ
બ્રહ્મ સુદામાને સુણ રાજન કહુ હું તુજને ગાઇ જગત
અજીત પણ ભકતે જીતાયેલ વિભૂ સુખ કરણ દયાલ
માલા જપ કરી ધ્યાન પ્રભુનું પામ્યો પદ તતકાલ જગત
જ્ઞાન થકી સૌ બંધન કાપી રાખી મન અવી છીન
સત્પુરૂષો જે પદને પામે તેમાં તે થયો લીન જગત

શ્લોક.

એતત્ બ્રહ્મણ્ય દેવસ્ય શ્રુત્વા બ્રહ્મણ્ય તાંનંર.
લબ્ધ ભાવો ભગવતિ કર્મ બંધા વિમુચ્ય તે;

ગૌબ્રાહ્મણ પતિપાલ એ રાહ.

કૃષ્ણ પ્રભુનું ચરિત્ર જે જન શ્રવણ કરે અતી પ્રીત થકી
જગ બંધન તસ્ય નારાજ પામે શ્રેષ્ટ ભાવને પામે નકી
માન મદ મોહ નાશે ફેર લેશ ન જરાએ
દુઃખ સરવ નકી નાશજ પામે પ્રભુ ચરણમાં પ્રીતજ જામે કૃષ્ણ

ગીતી.

સજન સુધારી નીરખો દોષ તણી હું માગું ક્ષમા ભાવે
કાવ્ય ન ભેદ પીછાણું પંડીતોનો દાસ હું નીરદાવે
અજવિભુ શુખપદ સ્વામી રમન રહો મમ આપ પદે જામી
જનપદ આપો પ્રીતી નમન માની દીલ બાલ તણું નામી
  ૧ ૯ ૫ ૩
ઇંદુ, ખંડ, શર, વન્હિ સાલ ભલી ભલ પોશ કૃષ્ણ પક્ષે
એકાદશી ગુરૂવારે ખ્યાન શુદામા પુર્ણ જે દુઃખ ભક્ષે

એકા સીતીતમો અધ્યાય સમ્પુર્ણ.

શુદામા આખ્યાન સમ્પુર્ણ શુભં ભવતુ, કલ્યાણ મસ્તુ,
ૐ શાન્તી, શાન્તી, શાન્તી, શ્રી કૃશ્ન પરમાત્માની જય

શ્રી ૧।

ૐ તત્સતપરમાત્મને નમઃ

શ્રી કૃષ્ણ પરમાત્મને નમઃ

ગોકર્ણાખ્યાન.

કાફી ત્રીતાળ ઇશ્વર સ્તુતી.

પ્રભુજી કૃપાના નીધાન પ્રણમું પ્રીત ધરીરે પ્રભુજી. ટેક
બાલ આ તારો કાંય નવ જાણે છે ધી અલ્પ અજ્ઞાન
આરંભે ગોકર્ણ કથાને સાય કરો ભગવાન
અરજ ઉર ધારી હરિરે. પ્રભુજી
અજ અવીનાશી આશ્રય તમારો રમ્ય વિભુ સુખ ખાન
જન બનાવી વિમલ મતી દેજો નરસિંહજી નીરવાણ
ભ્રમજ વ્યથા સરવ ચરીરે પ્રભુજી

વ્યાસ ઉવાચ-નૈમિષે સુત માસીન મભિવાદ્ય મહામતિમ્।
કથામૃત રસા સ્વાદ કુશલઃશૌનકો બ્રવિત્॥

ગીતી.

નિમિષ ક્ષેત્ર આસીના સુત પુરાણી બહુ મહત્ બુદ્ધિ જેની
સહસ અઠયાસી મધ્યે શૌનક વંદી વાણ કે સુખદેની
કથા સુધારસ ભોગી શુભ ગુણ રહયા છે ઉર માંહે ઓપી
પ્રશ્ન કરી અતી ભાવે સુત પુરાણીને મન ક્રમ વચ સોંપી

શૌનક ઉવાચ

અજ્ઞાદ્ધંસ કરનારી જ્ઞાનોદય સહ શ્રવણને સુખ આપે
કથા કહો સુત પ્રભુની ગુણુ કોશા જગ બંધનને કાપે

ભકિત, જ્ઞાન, વિરતીને વિવેક વૃદ્ધિ આપે સુખદાઇ
માયાદિ બડ અઘને નાશ કરે પ્રભુ કથા કહો ગાઇ

ઇહઘોરે કલૌ પ્રાપ્તે જીવશ્ચા સુરતાંગત ।
કલેશકલાં તસ્ય તસ્યૈ વં શોધનેકિં પારાયણમ્ ॥

શૌનક પ્રીતી જોઇ તત્ત્વ દેયણી જગ ભયને કાપે
ભકિત દઇ પ્રભૂ પદને આપી કાપે કાલ અહી આપે
શ્રીમત્ ભાગવત્ રૂડું કલીકાલમાં અઘને હરનાર
શુકદેવે પરીક્ષીતને કહયું સાંભળો સુખદ અતી પ્યાર

ત્રીતાલી ચોપાઇ.

સનકાદીક બ્રહ્મા સુત કાવે ભાગવત્ મેમા નારદને સુણાવે
તે હું સંભળાવું લાવી ભાવ નાશે જનમ મરણનો તાવ
શૌનક શુણુ ઇતિહાસ પુરાનો શુણતાં જનનાં પાપ નશાનો
સરિતા તુગ ભદ્રાને કિનારે ઉત્તમ ભદ્રા સુંદર શેહેર ભારે
ચાર વરણના લોક નિપુણા નહીં શુભ કર્મ વિષે તેઉણા
રહે પુરમાં વેદ વિદીતા બ્રાહ્મણ આત્મ દેવ મદ રિતા
વૈદીક કરમે કૂશલ ભાહુભારી ભાસ્કર બીજો હું કહું છું સંભારી

ધન્યાશ્રી.

દ્રવ્ય તણો નહીં પાર તેને ઘેર દ્રવ્ય તણો નહીં પાર
ધુંધલી નામે કુલવંત ત્રીયા તેની રૂપ અંબાર તેને
પતિ વચનને કદી ન માને લોક કથામાં પ્યાર તેને
કુર સ્વભાવની વાદ શીરોમણુ કામે શુરી અપાર તેને
લોભને કલેશમાં પૂર્ણ કુશલતા મેળવી છે નિરધાર તેને
ઘણાં સંવત્સર સંસાર શુખને ભોગવીયાં ધરી પ્યાર તેને
પામ્યાં ન તો પણ સંતતી શુખને નિશ્ચય મન અવિધાર તેને

પીલુ.

ધર્મ પુન્ય બહુ કીધાં તેણે સાંભળ શૌનક કહું વિસ્તારી
દીન જનોને દાનજ આપ્યાં ગૌકાં ચન ઉરમાં રત ધારી ધર્મ
સંતતી કારણ દ્રવ્ય અધોઅધ ધરમે આપ્યું ઉલટ વધારી ધર્મ
પુત્ર કે પુત્રી તો એ ન પામ્યો ચીંતા ઉરમાં જામી ભારી ધર્મ
તે દુ:ખ કારણ ઘોર જંગલમાં ત્યાગ કરી ગ્રહગ્યો નિરધારી ધર્મ
તરસ્યા લાગી સમય મધ્યાને મેળવીયું સર બહુ શુખકારી ધર્મ
પાન કરી જળ બે ઘડી બેઠો સંતતી વિણુ દુ:ખ પામે અપારી ધર્મ
તે સમયે સન્યાસી આવ્યો કરવા સરમાં પાન શુવારી ધર્મ

ગીતી.

બ્રહ્મગતીને નીરખી પાન કર્યા પછી ગયો યતી પાસે
ચરણુ કમળને વંદી મુકીની સાસા સમિપ થયો આશે

લલીત છંદ.

પાપ બહુ કર્યા મેં પ્રભુ અતી પ્રથમ શું કહું નિશ્ચલા મતી
પિતૃ દેવતા જળ અનાજને મમ ન લે ગ્રહી ધારજો મને
દાન નવ લહે મૈશુરો અરે વિબુધ માંહેર કાંઇ નવ ગ્રહે
વાંઝીઆ પણું બહુ દમે અતી પ્રાણ છોડવા હું આવીયો યતી
જીવન છે વૃથા સંતતી વિના સદન દ્રવ્યને કુલ વિહીના
ગાય આદિ કંઇ મમ વસે ગ્રહે ગુણાગાર હે ફલ વિના રહે
આવતાં ફળો સદન માહેરે શુશ્ક તે બને જરી ન ફેર રે
ભાગ્ય હીનનું દુ:ખદ જીવવું શુખદરે યતી સાચું હું ચહું
કહી ઉંચે સ્વરે તે રૂએ અતી ફિકર બહુ થઇ ઉરમાં યતી

કેરબો.

યોગ દ્રષ્ટે સરવે હેતુને તપાસી કરીરે, તપાસી કરીરે (૨) યોગ

વિપ્ર સંતાનેથી પામ્યા સગર નૃપતિ બહુ દુઃખ
અંગે પીડા ભોગવી યતી બન આશા તજી અતી શુખ. યોગ
હે યતી રાજન આવે એવો વિવેક શુખ ભંડાર
પુત્રજ આપો નહીંતર ઝટીતી પ્રાણ તજીશ આ વાર યોગ
પુત્રાદિ ઇચ્છાવાળો જન યતી બને યતીરાજ
યતી પણું શુધરે નહીં તેનું સત કહું છું મહારાજ યોગ
આ લોકે શુત શુત આદિકથી ગ્રહિ હોય પૂરણ જેહ
ગણાય છે તે શ્રેષ્ટ તપોવન મુજને આપો એહ યોગ
જોઇ વિપ્રનો આગ્રહ અતીશે કેયતી શુખડા વેણ
વિધિ લેખે ઔશુત હેતુથી છબીદ્રજ પામ્યો નચેન યોગ
દૈવે ઉદ્યમ હણ્યો છે એવો પુત્રે શુખ નહીં પામ
હઠીલા હે બ્રાહ્મણ હું શું કહું તે કે શુદ્ધ શુખ વામ યોગ

ગીતી.

બ્રહ્મા ગ્રહને નીરખી યતીએ આપ્યુ રસાલ ફલ સારૂ
તવ ત્રીય પ્રાશન કરશે પુત્ર થશે કહી યતી ચાલ્યા વારૂ

કલ્યાણ.

હર્ષ પામીયો ઉરમાં અતી નીરખી શુખદ આમ્રફલ જે દીયણ સંતતી
ફલ લઇને પ્રિતે ઘર આવ્યો આપ્યું ત્રીય કરમાંય
સર્વ વાત સમજાવીને કહયું આથી શુખ બહુ થાય હર્ષ.
કે કામાર્થે ગયો ગામમાં બ્રાહ્મણીનો ભરથાર
સખી આગળ જઇ રોવા લાગી ઉચરી શુણ આ વાર હ.
મારો પતી આ લાવ્યો ફલ તે નહીં ખાઉં નીરધાર
કેવા લાગી ફલ આ ખાતાં ગર્ભ રહે સખી સાર હ.
ઘર ધંધો પછી થાય ન મુજથી ચાલી ન ગામ જવાય

દૈવ ઇચ્છાએ ગર્ભ શુકાએ તો મુજથી શું થાય. હ.
નિધન નીપજે આડે ગરમે શુણુ સખી મારી સાર
પીડ પ્રશુતિ હું શુકુમારી કેમ સહુ અવિધાર હ.
ધીમંદ રાત શૌચાદિ નિયમો મુજથી કેમ રખાય
સાંભળ સખી મમ સાચુ કહુ છુ વિચાર તું મનમાંય હ.
બાલક પ્રસવે પાલન કરવું મુજથી કેમ કરાય
દુઃખો રહિત વંધ્યા વિધવાને શુખમાનુ મળી ચાય હ.

આશા ગોડી.

આવી ભગની તેની દાઇવ બજે આવી ભગની તેની
વાત કહી પછી કેવા લાગી ચીંતા બહુ થાય એની દઇવ
આરે દુઃખે હું ગઇછુ શુકાઇ ઉપચાર શું કરૂ કેની દઇવ
ચીંતા એની મુકતું મનથી ટાળીશ દુઃખ મૃગ નેની દઇવ
મારે ઉદરે બાલ જનમતાં આપીશ રડતી રેની દઇવ
ત્યાં લગી વાત આ રાખજે છાની રહી ઘરમાં આનંદ લેની દઇવ
બાલ થશે મમ પતિ દઇ જશે ધન દેજે શુખ દેની દઇવ

ગીતો.

ચીંતા ત્યાગ તું એની લોક પુછેથી કહીશ હું આ રીતે
મહીના છોનો બાળક મરણ પામીયો જાણુશે શુભ રીતે
પછી ગ્રહ તારે આવી બાલક પોષણ કરીશ હું બહુ ભાવે
ચીંતા મુક ભગીની સત્ય માનજે ફેર જરી ન આવે
ફલ પતી લાવ્યો તારો કાજ પરીક્ષા ગૌને ખવરાવી
વાર ન કરતું તેમાં ત્રીયસ્વ ભાવે કર્યું ઉલટ લાવી
ધુંધલીની ભગનીને સમય વીતતાં બાલક ધ્રુવ આવે
પૈસા માટે આપ્યો એકાંતે અતી હરખ દીલે લાવે.

દક્ષણી દાદરો.

સાંભળો પતી વાત એક મારીરે
જનમ્યો બાલ, પતી મયાલ, શુણીને આલ, શોકશાલ
મટી થયો ખુશ અપારરે સાંભળો
પતીને તે કહે ઉરજમાં ન દુધરે
કેમ પોષું, બાલ તોષું, પીડ શોષું, પતિ ચહોષું
વાત ઉર ધારોરે સાંભળો
બારી એનીનો (બાલ) પ્રસવી નિધન પામ્યો રે
લાવી ઘેર, રૂડી પેર, રાખીમેર, થાશે લેર
પાળશે શુપ્રી તેરે સાંભળો
ત્રીય બોલને હેતે ઉર ધારીરે
બાલપ્રેમ, કરીયું તેમ, ઇચ્છી ક્ષેમ, છેદી વેમ
(નામ) ધુંધકારી દીધુંરે સાંભળો

સીંહાનો કનરો.

સાંભળ શૌનક ત્યાર પછી જે બ્યાન બન્યું તે કહું વિસ્તારી
માશ ત્રીજા તાં ગૌકરણેથી બાલ કંચન સમ શુંદર ભારી સાં.
નીરખી બાલ ખુશી થઇ ભારી કરવા લાગ્યો સંસ્કાર શુધારી સાં.
શુણી આ આશ્ચર્ય જોવા આવ્યા લોક કહે બ્રહ્મ ભાગ અપારી સાં.
બાલ થયો એક આગળ તેને અવર થયો ગૌથી દુઃખ હારી સાં.
ધુંધલી કાર્ય ગુહય ન જણાયું નામ ધર્યું ગોકરણ વિચારી સા.
સમય વીતતાં બંને બાલક તરૂણુ થયા શુંણ તું હે આ વારી સાં.
પંડીત બનીયો બહુ ગોકરણ ખલ બનીયો ધ્રુવ અતી ધુંધકારી સાં.

ગીતી.

ચોર મનુશ્યનો દ્વેષી અન્ય ધરોમાં આગ ધરે જાઇ

બાલ ગ્રહી નાંખી દે કુપે એવો અવગુણનો ભાઇ
હિંસામાં રત ભારી દીન દમે બહુ આયુધને ધારી
હાથે પાંસ ગ્રહીને વિચરે પાપી સંગે ઉલટ ભારી
કરમ તણે પરતાપે થયો સંગ વેસ્યાનો કહું તેને
દ્રવ્ય બાપનું ખોયું સર્વ મતા હરી દીધી ગણીકાને

લલીત.

પુત્ર કુચાલથી શોક જામીયો ધન વિનાશથી પીડ પામીયો
દીરઘ સાદથી તે બહુ રડે આથી પુત્ર શુભનોય હે અરે
હે પ્રભુ મને કેમ આપીયો કપુત દુષ્ટ જે પુર્ણ પાપીયો
કયાં જઉં હવે કયાં જઇ રહું દુખડાં આવડાં કેમ હું સહું
પ્રાણ ત્યાગીને હું હવે મરૂં હાય હાય હું રહીને શું કરૂં

ગીતી.

જનકા ક્રંદને નીરખી જ્ઞાન બોધ દે શુખદ અતી સારો
જ્ઞાન પુર્ણ ગોકરણં પાસે આવી ભવનિધિ નિસ્તારો

કાફી ત્રીતાલ.

પીતુ હે ગુણ નીખાણ સારી શીખ કહુંરે
ઇંદ્રાદિને શુખ નવ જાણો મારી આ વાણ પ્રણામ
મુનીઓ ત્યાગી લે પરમાનંદ મેટી ભવનિધિ તાણ
ચતુર પિતા સત્ય ચહુરે પીતુ
અન્ય જનોને શુખ ન પીછાનો ત્યાગો વંશ રત જાણ
નરક નંખાવણ મોહ વિદારો સૌતજી વનમાં પ્રયાણ
થશે તેથી ચેન બહુરે પીતુ
દુઃખ હરણાં સુત વચન સુણીને પામ્યો શાન્તી સુજાણ.
પુત્ર તું મુજને કેછે સારૂં શું કરૂ વન મમ પ્રાણ
કામને ઊર લહુરે પીતુ

આ ભવ કુપેનેહ બંધનથી હું શઠ મુર્ખ અજાણ
પડીયો તારો સુત મમ પ્યારા આપી સુદ્ધ ઓળખાણ
કહો હું હેતે અહુંરે પીતુ

ધન્યાશ્રી.

સાંભળો સુદ્ધ સુજાણ પિતુ હે મારા સાંભળો સુદ્ધ સુજાણ
ધરમ સેવનમાં પ્રીતી રાખો સંસાર છોડી નીરવાણ પિતુ
સાધુ સેવન રત રાખો અતીશે કામાદિ તજો દુઃખહાણ પિતુ
અન્ય દોષોને ઉરથી વરજી કરોં શ્રી કૃષ્ણ ગુણગાન પિતુ
પુત્ર વચન પ્રીતે પ્રમાણી વને ગયો કરી ન રોકાણ પિતુ
આત્મ દેવ બ્રહ્મ સ્થિર મતીનો સાએઠ વરસ પ્રમાણ પિતુ
વાસુદેવની ષોડશી પુજા અરપ્યાં માંહે પ્રાણ પિતુ
દશમ સ્કંધનો પાઠ પ્રીતેથી કરી પામ્યો નીરવાણ પિતુ
એ રીતે બ્રહ્મ વાસુદેવની પુરણ પામ્યો પીછાણ પિતુ

શ્રી પદ્મ પુરાણે ઉતર ખંડે શ્રી ભાગવતત્ મહાત્મે વિપ્ર મોક્ષો નામ ચતુર્થો ધ્યાય સમ્પુર્ણં ૐ શાન્તી, શાન્તી, શાન્તી,

શ્રી કૃષ્ણ પરમાત્મ દેવની જય બોલો.

ૐ.

ગીતી.

વચન શુણી બહુ ત્રાસી ધુંધકારીનાં ઉરમાં પીડ જામી
માતુ તેની સહુ ક્રોધે પડી નીશાએ કુપે મરણ પામી
માતુ ક્રિયા કરી પ્રીતે ગોકરણે પછી તીર્થ ગમન કરીયું
સિદ્ધિ સુખદા પામ્યો દ્વંદ્વ રહિત બની નિજ રૂપ ઉર ધરીયું
ત્યાર પછી ધુંધકારી ગ્રહે રહી સંગ ગણીકાને રમતો
પાસન કરતો ભાવે માંઠા કરમો હરનીશ આચરતો

ત્રીતાલી ચોપાઈ.

દ્રવ્યા ભુષણ કુલટા કાજે છોડી ઘેર ગયો મન તાજે

અન્ય ગ્રહથી ચોરી લાવી ધન રંજન કરતો વેસ્યાનું મન
આડે અવળેથી ધન્ય લાવે તાણી વેસ્યા ઘરમાં ધરે હર્ષ આણી
વસના ભુષણનો નહીંપાર ચોરી આપ્યાં વેસ્યાને અપાર
વેસ્યા નીરખી દ્રવ્ય વધારે રાત્રી સમય તે એમ વિચારે
હરદમ દ્રવ્ય આ લાવે અતીશે ચોરી જાણતાં નૃપ લુંટી લેશે

પીલુ

જાણુતાં ધન લે લુટી આ ભારી નિશ્ચે નાંખશે આને મારી
ગુપ્ત આ રાખી બ્રહ્મ આ મારૂ દ્રવ્ય હું એમ વિચારી જા.
ધુંધકારી કોઇ કેશે કયાં ગયો પરદેશે હું કહી સંભારી જા.
નિશ્ચય બાંધી રાત્રી સમયે બંધન કરીયો નીંદે ગોઝારી જા.
નાંખી ગળે પાસ મારવા લાગી નિધન ન પામ્યો રહી નવ હારી જા.
ધખતા અંગારા મુખમાં નાંની માર્યો પાપણી નીચ નઠારી જા.
ખાડ કરીને તેના સબને દાટયું દીલની દુષ્ટ દગારી જા.
કર્મ ન તેનુ જાણ્યુ કોઇએ પુછે પતી મમ ગયો દુર ભારી. જા.
દ્રવ્ય કમાવા અન્ય દેશાવર ગયો છે વરસે આવશે ધારી જા.
નારી ભરોંસો કોદીન કરવો દુઃખદાઇએ અવગુણુ કારી જા.

ધન્યાશ્રી.

બહુ સ્વામીની નાર ગણિકા દુષ્ટ બહુ સ્વામીની નાર
માલ મતા સૌ ઘરમાં રાખી બેઠી તે સુખે નીરધાર ગણિ.
ધુંધકારી જે નીચે કરમી પામીયો પ્રેત અવતાર ગણિ.
વાયુ રૂપી દશે દીશામાં દોડીસે પીડ અપાર ગણિ.
તરસ્યા શન બીન બૌ દુઃખ પામે શાન્તી ન કયાંય લગાર ગણિ.
હાય હવે હું કયાંથી છુટું રૂદન પાર ન ધાર ગણિ.

દક્ષણી દાદરો.

સમય વીતતાં સુણીયુ ગોપુત્રેરે
ધુંધકારી, બાંયમારી, સુખકારી, દુઃખ ધારી
નિધન ભ્રાત પામ્યો રે સમય

દીન બન્ધુનું શ્રાધ ગયા કીધું રે
તીર્થ ધામ, સર્વ ઠામ, ધારી હામ, પુર્ણ કામ
શ્રાધ ઉર લીધું રે સમય
યાતરા કરી સ્વીય ઘેર આવ્યો રે
સર્વજન થયાં પ્રસન્ન, ગોસુતન, આજદન
માન આપી હર્ષે રે સમય
રાતને સમે નીરખી નવાઇ રે
સુતો આંહી, મુંજભાઇ, મધ્ય વિહાઇ, રાત્રી ત્યાંઇ
ઘોર રૂપ ધારીરે સમય

ગીતી.

નહીપ, નાગ, અજ, મઘવા, વન્હિ પુરૂપ એમ અનેક રૂપધારી
આશ્ચર્ય કરે અપારા નીરખે ગો સુત ધરી ધીરજ ભારી
વિપરીત કારણ નીરખી ગો સુત મનમાં વિચાર એ લાવે
કોણ તું દુર ગતી ગતહે પ્રેત નજીક તે નીરખી કે ભાવે

કાફી ત્રીતાલ.

ગો સુત ગુણ ભંડાર પુછે પ્રીત ધરીરે
બન્ધુ વચન સુણી રૂદન કરે તે પ્રેત ન દુઃખનો પાર
વાયુ રૂપ શકે ન બોલી જળવર કમંડલ મઝાર
છાંટયું જલ અંજની ભરીરે ગો સુત

જલનો પર્શ થયો તતકાલા અધથ્યું દુર અપાર
પ્રેતજ ત્યારે કેવા લાગ્યો ધુંધકારી નીરધાર
ભ્રાત તત્ર નેત્ર ઠરીરે ગોસુત
અજ્ઞ હું જનને બહુ દુઃખ દીધાં કરીયાં પાપ અંબાર
બહુ જીવોની હીંસા કીધી નારે મુવો નીરધાર

થયો પ્રેત સુખ ન જરીરે ગો સુત
વાયુ અશ નથી હું જીવું છું નથી મમ દુઃખનો પાર
હે બન્ધુ આ દુઃખથી મુજને છોડાવો ધરી પ્યાર
વચન સુણી કે નેત્ર ભરીરે ગો સુત

ગીતી.

ગયાં માંહે તુજ કારણ પીંડ આપીયાં વિધિ સહ મમ ભાઇ
મુક્ત કેમ ન પામ્યો નવાઇ ઉરમાં બહુરે છે ત્યાંઇ
પીંડ ગયામાં ભરતાં મુકિત ન બીજો ઉપાય શું કરવો
શું વિધિ કરવી તું કે જે થકી બનતું જલદીથી નરવો
ગયા શ્રાધ શત એકે મુકિત મારી થાય ન લ્યો જાણી
વચન સુણી થયો વીસ્મે તવ હે તુજને અસાધ્ય પરમાણી

આશા ગોડી.

ગો સુત કેછે વિચારી શૌનક શુણ ગો સુત કેછે વિચારી
આ વખતે તુ નિર્ભય થઇ જા સ્થાને વચન મમ ધારી શૌનક
જે રીતે તવ મુક્તિ થાશે રીત હું શોધીશ સારી શૌનક
બન્ધુ વચન સુણી પ્રેત ગયો થાને રાત્રી વિચારે ગુજારી શૌનક
મુક્તિ ઉપાય હાથ ન આવ્યો સાંભળ શુભ ગુણકારી શૌનક

કલ્યાણ.

પ્રીતથી કહુ સુણતાં સુખ સહુ વિશદ વાત ઉરધાર જાય દુઃખ બહુ
પ્રાત કાલ થયો એમ કરતાં આવ્યો ગો સુત જાણ
સુણી સૌ લોકો મળવા આવ્યા ખુશી થયા નિરવાણ પ્રીત
રાત્રી સમયે બનેલ કારણ કહયું સરવને સાર
સુણીને લોકો નવાઇ પામ્યા રહ્યો ન વિસ્મય પાર પ્રીત
પંડિત, યોગી યાદિ મુક્તિ દેખે નવ નિરધાર
શાસતર સંશયવાલા મુક્તિ દેખે ફેર ન ધાર પ્રીત
શાસ્ત્રીય બલથી વેદ રૂચાથી નિગમ મંત્ર ધરી ઉર
ગો સુતર વીના વેગને રોકી વીનતી કરી રતપુર પ્રીત
તુષ્ટયં એવો મંત્ર સુણી રવી કે દૂરથી ધરી હેત
ગો સુત ભાગવતની સપ્તાએ મુક્તિ પામશે પ્રેત પ્રીત
ધર્મ રૂપ રવી વચનો સુણીને લોકો કે ધરી પ્યાર
કામ કરો એ સત્વર ગોસુત મુકત થશે નિરધાર પ્રીત

સીંહાનો કનરો.

વચન શુશોભીત સુણીને સુંદર સપ્તા કરવા રૂચી ઉર ધારી
સપ્તા થાશે એવું સુણીને ગયાં દેશાદિ જનરત ધરી ભારી વચન
પંગુ, અંધ, વૃદ્ધ, મંદ મતીના મુકિત માટે ગયાં તે વિચારી વચન
શૌનક મોટી સભા ભરાણી સુરને ઉપજે વિસ્મય ભારી વચન
ગો સુત સપ્તા કરવા બેઠા વાણી થઈ બહુ જય જયકારી વચન
પ્રેતથી આવી આડુ અવળુ શોધે થાનક બેસુ સુખકારી વચન
સપ્ત કાતળીઓ વાંસજ નીરખી છીદ્રથી પેશી શ્રવણુ દુઃખહારી વચન

ગીતી.

થીર થવાને કાજે એક ચીત કરી વાંસ પોલે પેઠો
બ્રહ્મ વૈષ્ણવ જ્યાં શ્રોતા શ્રવણુ કરે ધરી ઉરમાં વર બેઠો
બ્યાન બરાબર કરવા લાગ્યા પ્રથમ સ્કંધેથી પ્રીતે
ગૌ સુત ગુણ ભંડાર શ્રોતા પાસે સુણતાં દુઃખ વીતે

લાવણી અધબીચ મોબત એ રાહ.

સુણ વાત એક (૨) જે વિસ્યમયની દેનાર
અહન અંતે શુણ કથા રોકાતાં આશ્ચર્ય થયું ઉર ધાર
સંધ્યા કાળે (૨) સૌજન જોતાં નીરધાર
વાંશ કાતળી કપાટ થયો બહુ શબ્દ ઘોર ભયંકાર શુણ
એમ સાત દીને (૨) સાતે કાતળીઓ ત્રુટી
સપ્તાથી ધુંધકારી તણુ ગયુ પ્રેત પણુ ધ્રુવ છુટી શુણ
સપ્તા શુણતાં (૨) તે પામ્યો શુબ્દ દિવ્ય રૂપ
તુલશી માલની સાથે શોભા શુદર બની અનુપ શુણ
કાને કુંડળ (૨) શીર મુગટ બન્યો ધનસ્યામ
પીતાંબર ઉર ઓપતાં તે પામ્યો શુખનું ધામ શુણ
ગો સુત પાસે (૨) કરજોડી કે મમ ભ્રાત
ધન સપ્તા સુખ દેયણી અધ ગતી બીનશી સાક્ષાત શુણ

ગીતી.

સપ્તા સુખ દેનારી પ્રભુ ધામને સત્વરથી આપે
અધ સરવે હરનારી સાંભળતાં બહુ દુઃખ દળને કાપે

કેરબો.

શું કહુ મતી થોડી સપ્તા મેમા ભારીરે સપ્તા મેમા ભારીરે ૨ શું
નાનાં મોટાં અધ સરવેનો મન વચકાયિક સાર
સાંભળતાં સૌનાશ કર્યાં મમ ફેરન લેશ લગાર શું.
સમીધંને બાળે વન્હિ જેમ તેમજ ભાગવત્ સાર
સેવન કરતાં દુઃખ મમ નાસ્યું સેવે ધન અવતાર શું.
શ્રવણ કરી નહીં સપ્તા જેણે તે જન જન્મ ધિકાર
દેહ રક્ષીને રેમદ મોપે ધીક તેનો અવતાર શું.
ક્ષણીક દેહ છે એ મન જાણે જીવ અન્ન ભરપુર
નિશ્ચય જવુ વિચાર કરીને કરમ શું કરવુ જરૂર શું.
નાશવંત છે જગ સુખ દાયક વિષય તજી સુખકાર
સાંભળવી સપ્તા ને પ્રીતે પામે પદ શ્રીકાર શુ
દેહ ક્ષણિક આ જનમે જાય જલબુદ બુદ સમજાણ
તેમાં હરીને જે ન સંભાળે ધિક્ જીવન નીરવાણ શુ

આશા.

શુણ તું શુણ તું કલિયુગ માંહી સપ્તા ફળદ અતી સુખકારી શું.
દોપ નિવારણ સૌ દુઃખ ટાળક ભ્રમજ વ્યથા ઝટિતિ હરનારી શું
ડાતળીઓ જદ વાંસની ત્રુટી જન ચીત ગાંઠન નવાઇ નીવારી શુ.
અધ આવરણ જન છેદન હારી તેમાં નાવું ઉલટ વધારી શુ.
એમ બોલતાં હરિ પાસે દસહ આવ્યુ વિમાન દિવ્ય દુઃખહારી શુ.
સૌ જન જોતાં નમન કરીને બેઠો વિમાને શુણ ધુંધકારી શુ.

ગીતી.

ગૌ સુત હરિ પાર્શદને પુછે ઘણાક શ્રોતા શુદ્ધ મનના

વિમાન કેમ ન લાવ્યા તે માટે કોટાળીક દુઃખ તનનાં
શ્રવણ કર્યું સમ ભાગે ફળ જુદુ કેમ થયુ કહો ભાવે
એક અન્યને નાંહીં વિમાન શંશય મમ મનમાં આવે

ત્રીતાળી ચોપાઈ.

ભજન પ્રતાપે થયો ફળ ભેદ લાગો ગો સુત મનનો ખેદ
એક ચીતે શ્રવણ કરયું પ્રીતે રાખી અપવાસ સાતે સુ રીતે
દ્દઢ ચિત બિન જાય જ્ઞાન હણાઇ ગાફલતાથી શ્રવણ બિન શાઇ
હરી કથા વિષે મનને જીતે બુદ્ધિ નિશ્ચય કરે અતી પ્રીતે
એ રીતે જે શ્રવણ કરે પ્યારૂ ફલને પામે જે ચેન દેનારૂ
ગો સુત શ્રોતા એમજ કરશે નિશ્ચે વૈકુંઠ પુરીએ ઠરશે
તમને ગોવીંદ ગોલોક દેશે એમાં ફેર ન જાણો લેશ

શ્રાવણ માસે કથા ફરી કીધી શ્રોતા શ્રવણ કરી ઉર લીધી
પામ્યા શ્રોતા વૈકુંઠ ધામ જ્યાં છે પૂર્ણ પ્રભુ ઘનસ્યામ

દીંડી.

સાત દીનના અપવાસ કરી ભાવે કથા શુદ્ધ ચીત રાખી ઉર લાવે
કથા પુર્ણ થતાં શું થયુ તે ગાવે   સાત
પ્રભુ ભકતોને વિમાનની સંગાથ આવી યાજયાદિ શબ્દ જગન્નાથ
પાંચ જન્મ નાદ કરીયો ધરી હાથ   સાત

ધેનુ પુત્રને સુપ્રીતે હ્રદય લીધો રૂપ આપી તેને પુર્ણ ન્યાલ કીધો
શ્રોતા સરવેને હે એજ લાભ દીધો   સાત
હરીએ સરવને સ્વીયં લોક આપ્યું કહે સનક આદિ સરવ દુઃખ કાપ્યુ
નારદ લોકનું ન સુખ જાય માપ્યુ   સાત

ધેનુ પુત્ર સહ ગોપાલજી પધાર્યા સરવ લોકનાં હે કાજને સુધાર્યા
ઉંચ નીચને પીછાણુતાં વધાર્યા   સાત

ગીતી.

શ્રવણ થકી થયા રાજી પરમ પ્રભુ સૌ અંતરના જામી
શ્રોતા જન સરવેને ધામ પોતાને લઇ ગયા સુખ ધામી
ત્રેતા યુગની માંહે અવધ વાસીને જે જે રીતે રામે

આવ્યુ વૈકુંઠ ધામ તે રીતે શ્રી કૃષ્ણ પુરણ કામે
રવી શશી લોકની વાશી તેને નહીં જે લોક તણી આશી
સપ્તા શ્રવણ કરાતાં શ્રોતા પામ્યા ગોલોક દુઃખ નાશી

લાવણી.

ઇતિહાસ પુરાનો શ્રવણ કરે અતી ભાવે
તે જનને જાણો ધન્ય બડ ભાગી કહાવે
તે ગરભે નાવે ફેરન તેમાં જાણો
સૌ સંસૃતી કલેશો નાશ થાય પરમાણો
સુખદા શ્રી ભાગવત્ મુકિત ફલ દેનાર
શુણ શૌનક પ્રીતે સુણે પરમ પદ પ્યારૂં
વળી જનમ મરણની પીડ સત્વરે નાશે
સપ્તા સુખ દેણી જાણ ત્રિવિધ દુઃખ ત્રાશે

ગીતી.

૧ ૯ ૫ ૩
ઈન્દુ, ભકિત શર ભુવનં સાલ સુખદ બહુ માઘ માસ સારો
સુકલ પક્ષ છઠ અહને વાર રવી સૌ દુઃખનો હરનારો
પુર્ણ થયું તે દાડે ગો સુતનું આખ્યાન સુખદ સારૂં
ભ્રમનાને હરનારૂ શુણતાં આપે મોક્ષ તણુ બારૂં
અજ અવીનાસી વંદુ રમ્ય વિભુ મમ સચરાચર સ્વામી
જનનો દાસ બનાવો નયા ભેદ ઉર દયો અંતર જામી
દોષ તણી હું માગુ માફી પંડિત સજનોની પાસે
કાવ્ય કરી નવ જાણું ખ્યાન કર્યું હરિ ગુણ ગાવા આશે
શ્રી પદ્મ પુરાણે ઉત્તર ખંડે શ્રી ભાગવત્ માહાતમે ગોકરણ વર્ણનં
નામ પંચમો અધ્યાય સપુર્ણ ૐ શાન્તી, શાન્તી, શાન્તી.

શ્રી કૃષ્ણ પરમાત્મા દેવની જય બોલો.

સમાપ્ત.

જાહેર ખબર.

સર્વે જાતના કાચા તથા પાકા રંગો મંગાવનાર ઠકર ભાણજી-ભાઇ તુલશીદાસને ત્યાંથી ફેરી છાપમાં બધી જાતનાં રંગો કિફાયત ભાવે વેંચાતા મલશે. નમુનો જોવાને મફત છે. ખુશીથી ભાવની અજમાયસ કરો વળી જરા તસ્દી લેશો તો રંગવાની માહીતી વગર લવા જમે.

વડગાદી મુંબઇ.

તીલેસ્માતિ વીંટી.

આ વીંટીને તેલની આંગળી લગાડી બાર વરસ સુધીના છોકરા તથા છોકરીને એક ચિતે દશ પંદર મિનિટ જોવા આપ્યા પછી તેને પ્રશ્ન પુછવાથી મનમાનતાં ખુલાશા મલશે. તેમાં અમુક જગ્યા ઉપર અમુક માણસ શું કરે છે? અમુક માણસની હાલત કેવી છે? અમુક કામ થશે કે કેમ? તથા ગામ પરગામ યાત્રાના સ્થળો પિત્રો દેવો વીગેરે જોવામાં આવશે. તથા પિત્રોનો દોષ છે કે કેમ? તે જોવા શાસ્ત્રી પાઠ માંડે છે તેની ખટપટ કરવી ન પડે ને એ વીંટીથી ખુલાશો મલી શકે છે? કિંમત રૂ ૦–૧૨–૦ ટપાલ ખરચ જુદુ. જોયામાં ન આવે તો એક અઠવાડીયા સુધી પાછી રાખી લીધેલા પૈસા પાછા આપવામાં આવશે.

મુલજી ગંગારામ આસ્તોડીયા રોડ

અમદાવાદ.

આ ચોપડીના અગાઉથી ગ્રાહકો થયેલાના નામ.

નકલ **માલીઆ તાબે ખાખરેચા.**	૧ કોરડીઆ દામજી સાંકળ
૩૦ બાશ્રી ચાંદા બાગેડીવાલા	૧ સંગવી માણેકચંદ રણુછે
અમદાવાદ.	૧ વોગ પરશોતમ સાંકળચ
૨૦ ઠ. ભાણજીભાઇ તુલશીદાસ	૧ મેતા લીલાધર લવજી
દા. મુલજી ગંગારામ કચ્છ ગેડી.	૧ શેઠ દીપચંદ ટોકરશી
૫ રાણા શ્રી સરદારસંગજી ગેડી	૧ શેઠ મંગલજી મોતીચંદ
જાગીરદાર સાહેબ.	૧ શેઠ ઠાકરશી વશરામ
૩ બાશ્રી માણજીરાજ બાગેડીવાલા	૧ મહેતા પ્રભાશંકર વી. હ
૧ ગાંધી મંગલજી અમરત કારભારી	ગોએલ ફળના !
૨ વાગેલા ખીમાજી નારાણજી	**કચ્છરાપર**
૨ જોશી નારાણજી જેઠારામ	૧ ઠક્કર આણદજી મોતીઆ
૧ સાધુ વૈકુંઠદાસ ખીમદાસ	સ્કુલ માસ્તર
૧ જોશી પ્રાણજીવન હરદાસ	૧ ગોમતીબાઇ વાસુદેવ રાયપર
૧ સોની ભવાન જેઠા	કન્યાશાળાના હેડ મિસ્ટ્રેટ
૧ સોની પીતાંબર ધનજી	કચ્છ **ઝાટાવાળા.**
૧ સોની લાલજી મલુકચંદ	૧ દોશી સાંકળચંદ લધા ઇનચાર્જ
૧ સોની જોઇતા ઝવેર	મહેતાજી.